

# અધ્યાત્મ

વર્ષ : ૧૧ માર્ચ-૧૯૯૧ અંક : ૬

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.


## Form–IV ( See Rule–8 )

| | |
|---|---|
| 1. Place of Publication : | 'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1 |
| 2. Periodicity of its : publication. | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital. | The Magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

*Dated. 10 th, March 1991*

*Narayan H. Jani*
*Publisher.*



પૂ. શ્રી યોગેશ્વરજી

# * એક અરજી *

દિવ્ય લોકથી આવી ઊભા,
પ્રભુ યોગેશ્વર રૂપમાં.

જીવનકેરા સર્જક શાશ્વત, સંરક્ષક શિરતાજ છો,
કામક્રોધની વૃત્તિઓના સંહારક પ્રભુ આપ છો. દિવ્ય લોકથી

વનવગડા જેવા જીવનને નંદનવન જેવું કર્યું,
ક્યાં સંતાયા છેવટ સ્વામી, શોધું જગના નાથને. દિવ્ય લોકથી

રાતદિવસની સતત ઝંખના પૂર્ણ બનાવો માત હે,
દિવ્યરૂપનું દર્શન આપી ધન્યતા ધરો પ્રાણને. દિવ્ય લોકથી

રામકૃષ્ણ છો સાચે મારા જીવનના ધન રંકના,
પ્રેમે પધારો પાવન કરવા કરું હજારો વંદના. દિવ્ય લોકથી

વારેવારે એક જ અરજી ધરું ચરણમાં દીન હું,
માનવ સ્વરૂપ ધારી આવો અલખ નિરંજન હે પ્રભુ. દિવ્ય લોકથી

**મા સર્વેશ્વરી**


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| પ્રાર્થના સંભળાય છે | અધ્યાત્મ પ્રેમી | ૧૦ |
| તવ પદપંકજ સ્પર્શે–(૧) | ગોરધનભાઇ કલોલા | ૧૯ |
| મારા ગુરુદેવ (૮) | નારાયણ હ. જાની | ૨૬ |
| તમારા તરફ | કમલ સુથાર | ૩૪ |
| ગુરુ–શરણું | એમ. વી. રામાનુજ | ૩૫ |
| અગમ ગતિ! | રણજિત પટેલ | ૩૬ |
| શ્રીમદ્ ભાગવતમાંથી આટલું જાણો | પ્રા. જનાર્દનભાઇ દવે | ૩૭ |
| શ્રી સદ્‌ભાવભરી સહાયનો પુનિત પ્રવાહ | – | ૩૯ |
| ગંગાનું પાણી પવિત્ર શા માટે? | નારાયણ હ. જાની | ૪૧ |
| શૂન્યતા–પરમ સ્વતંત્રતાનું દ્વાર | ભાઇલાલભાઇ છાટબાર | ૪૮ |
| સંત બાબાશ્રી આર્વીકર | પ્રા. કુ. પ્રજ્ઞા અનંત જાડવેકર | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ માર્ચ–૧૯૯૧ અંક : ૬


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**સંવત ૨૦૩૬, આસો સુદ આઠમ, તા. ૧/૧૧/૮૦**
**શનિવાર, (પ્રવાસમાં) : ભૂસાવરથી આગ્રા**

આ શાંત સ્થળ છે. રૂમમાં લાઈટ છે, પંખો નથી. રાત્રે બહારના સત્સંગમાં ઠંડી લાગતી હતી. નાનકડા મેદાનમાં નળ–ટાંકીની સગવડ છે. ધર્મશાળાના મેનેજર સહકાર આપે છે.

છ વાગ્યે નળમાં પાણી આવી રહ્યું છે. સૌ ભક્તોએ સ્નાન કરી લીધું છે. પૂ. શ્રી માટે રાત્રે શ્રી મોહનભાઈ અને રાજુભાઈ એક મોટો દોરીવાળો પલંગ જાણે છત્રપલંગ શોધી લાવે છે. તે પલંગ પર પ્રભુ પોઢે છે. પોતાના નિત્યકર્મથી નિવૃત્ત થાય છે. સ્નાન માટે મેદાનમાં પૂ. શ્રી ના પાડે છે. આ રૂમમાં જ ધૂળવાળા પથ્થર પર પૂ. શ્રી સ્નાન કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે, જેથી ત્યાં

ડોલ ભરવામાં આવે છે. બહાર મેદાનમાં નળ નીચે સારી રીતે સ્નાન થાય છે.

પૂ. શ્રી : અરે ! અમે તો ધૂળવાળાને જ સાફ કરીએ છીએ, સંસારી મેલને સત્સંગથી ધોઇ નાંખવા અમે તો આવ્યા છીએ.

સ્નાન કરતાં કરતાં ગાતા ગાતા અમને આવી વાતો કરે છે; આનંદ કરાવે છે. બીજી ડોલ પણ પૂ. શ્રીને આપવામાં આવે છે. સ્નાનનો આનંદ રૂમમાં કેવો છે તેની વાતો કરતાં કરતાં સ્નાન પૂરું કરે છે.

સ્નાન બાદ બીજા રૂમમાં યાત્રીઓની સામે બેઠા, પ્રાતઃસ્મરામિના ત્રણ શ્લોક બાદ ધ્યાનમાં સૌ બેઠા છે. પૂ. શ્રી દૂધ લે છે. યાત્રિકો પણ દૂધ લે છે.

પૂ. શ્રી કહે છે, હવે આગ્રામાં તાજમહેલ જોવાનો રહેશે. પુરાતત્ત્વ વિભાગના એક જાણકારે વરસો પર લેખ લખેલો કે તાજમહેલ એ મુસલમાન ઇમારત પાછળથી થઇ, એ તો હિન્દુ મંદિર જ હતું. એ રીતે કુતુબમિનાર પણ એક હિન્દુ રાજાની છોકરીને યમુના નદીનાં દર્શનનો રોજનો નિયમ હતો. તેથી દર્શન થાય તે માટે અહીં જ ઉપર સુધીનું બાંધકામ થયું. પાછળથી એ કુતુબમિનાર થયો વગેરે.

અમારી ગાડીના આજના સારથિ તરીકે પૂ. શ્રી મોહનલાલને બનાવે છે. મોહનલાલના ડ્રાઇવિંગથી પૂ. શ્રી ખુશ છે. વળી પૂ. શ્રી સર્વેશ્વરીને કહે છે, "તમે પણ શીખી જાઓ, કોઇકવાર એકાંતવાસ માટે જવું હોય તો આપણે બંને ગાડી લઇને એકલાં ૧૫–૨૦ દિવસ ઊપડી જઇએ. શીખી લો, કામનું છે." વગેરે વાતો માર્ગમાં થતાં–થતાં ભરતપુર આવતાં ગાડીમાં રીપેરીંગ



કરાવી લીધું. ૧૦ વાગ્યાથી ભરતપુરમાં આવી ગયા. ગાડી રીપેર થઇ અને ૧૨ વાગ્યે આગ્રા આવી ગયા.

આગ્રામાં વૃંદાવન હોટલમાં ભોજનબાદ તાજમહેલના માર્ગે રસ્તે બાગ જેવામાં આરામ કર્યો. તાજમહેલ જોયો. ગુજરાતી લોકોની બોર્ડિંગમાં રાત્રે રોકાણ થયું.

આજની પૂ. શ્રીની અમૃતવાણી નીચે મુજબની હતીઃ–

"જીવન ચંચળ છે. બને તેટલું સત્સંગમય, પ્રભુપરાયણ ને રાગદ્વેષ, મોહ, આસક્તિ વગરનું બનાવો. ગીતાના ૧૮ મા અધ્યાયમાં કહ્યું છે—ભક્ત ન હોય, નિંદક હોય, તપસ્વી ન હોય તેને ગીતાનું જ્ઞાન ન કહીશ."

"ભક્ત બનવું અઘરું, તપસ્વી બનવું પણ અઘરું, સત્સંગમાં રુચિ ઉત્પન્ન કરવા, સત્સંગ સ્થળની પ્રશંસા કરી. જીવને ખેંચવા કિમીયા કરવા પડે, જેથી તે જીવનું કલ્યાણ થાય. સત્સંગનો રસ કોઇ એકાદ પરીક્ષિત કે અર્જુનને જાગે."

"ભોજનમાં રુચિ ધીમે ધીમે જાગે, શિક્ષણનો રસ ધીમે ધીમે જાગે, તેમ સત્સંગમાં પણ ધીમે ધીમે જાગે. અત્યંત દુરાચારી પણ ધર્માત્મા બને એ પછી ૧૮ મા અધ્યાયમાં જે અધિકારની વાત કરી તે અસંગત છે."

"ભક્ત ન હોય, સંયમી ન હોય, કર્મકાંડ ન કરે, નિંદા કરે એવાને જ્ઞાન જ ન આપો, પણ જે ભક્ત હોય, અધિકારી હોય તેને જ ગીતાનું જ્ઞાન અપાય તો પાણીદાર મોતીઓ પાકે."

"શ્રદ્ધાભક્તિ સમર્પણવાળો ભક્ત તો પોતાની રીતે કર્મ કર્યા જ કરે છે. ખૂબ શ્રદ્ધાભક્તિવાળા ભક્તની તો ગુરુ કાળજી રાખે.

સીધાને પૂછવાની જરૂર જ નથી."

સત્સંગ બાદ આરામ.

**સંવત ૨૦૩૬, આસો સુદ નોમ, તા. ૨/૧૧/૮૦**
**રવિવાર, આગ્રા થી છાંટા**

આગ્રામાં ગુજરાતી લોજમાં ઊતર્યા હતા. સવારે સ્નાનથી નિવૃત્ત થઈ દયાલબાગ રાધાસ્વામી સંપ્રદાયનું સ્થાન જોવા ગયા. ગુરુદેવમાં શ્રદ્ધાભક્તિની પ્રશસ્તિ કરતું આ સ્થળ પૂ. શ્રી સાથે જોયું.

તાજમહેલથી પણ અદ્‌ભુત એવું બાંધકામ, કોતરકામ ચાલી રહ્યું છે. કોતરણીમાં ફળોની કોતરણી અદ્‌ભુત છે.

સ્વામીજી મહારાજ આ સંપ્રદાયના મુખ્ય હતા. તેમના શુભ-નામ આગળ તેમનાં ધર્મપત્ની રાધાનું નામ જોડી રાધાસ્વામી સંપ્રદાયનું શુભનામ ચાલુ થયું છે. સત્સંગ ચાલુ હતો, જેમાં ગુરુભક્તિના જ પદો ગવાતાં હતાં. વિશાળ સ્થાન છે. એ સંપ્ર-દાયના મુખ્ય મુખ્ય ગુરુઓની સમાધિ જોવા મળી તે જગ્યા રાધાબાગ. શાંત વિસ્તાર છે.

ત્યાંથી મથુરા ૪૮ કિલોમિટર છે, જેથી મથુરા આવી ગયા. કંસના કારાવાસમાં ભગવાન કૃષ્ણનું જન્મસ્થળ જોયું. ભવ્ય ઈમારત જોવા મળી.

ત્યાંથી વૃંદાવનમાં શ્રીરંગમંદિર વગેરે જોઈ જયપુરીયા સ્મૃતિભવન સામે મોહનલોજમાં ભોજન લીધું. વૃંદાવનની બહાર ભક્તિવેદાંત સ્વામી રોડ પર હરેકૃષ્ણ મંદિરના આગળના માર્ગે એક ખેતરમાં આરામ કર્યો. પૂ. શ્રીએ લેખન કાર્ય કર્યું.



બપોરે બે થી ચાર આરામ બાદ ભક્તિવેદાંત સ્વામી પ્રભુ-પાદજીના વૃંદાવનના હરેકૃષ્ણ મંદિરનાં દર્શન કર્યાં. પછી અમારી ગાડી મથુરાના વિશ્રામઘાટ તરફ વળી. વિશ્રામઘાટ તરફ જવાનો રસ્તો ખૂબ જ સાંકડો છે. વિશ્રામઘાટ ઉપર પંડાઓ (પ્રસિદ્ધ ચોબાઓ)ની ખૂબ હેરાનગતિ હોય છે.

વિશ્રામઘાટ પર પૂ. શ્રી સાથે સૌ ભાવિકો જાય છે. યમુનાના પવિત્ર જળમાં પૂ. શ્રી પોતાનાં શ્રીચરણો મૂકે છે. સૌ ભાવિકો પણ એ રીતે કરે છે. ચોબાઓનો આગ્રહ પૈસા પડાવવાનો હતો પણ તેઓ કોઈ કેમે કરીને ફાવ્યા નહીં.

વિશ્રામઘાટથી દિલ્હી તરફ જવા માટે માર્ગની પૂછપરછ કરી. માર્ગમાં ચોબાઓની તીર્થોમાં હેરાનગતિની વાતો શરૂ થઈ.

પૂ. શ્રી કહે, "તીર્થનું દર્શન તીર્થમાંથી વૈરાગ્ય આવે તેવું હોય છે, આપણે સ્વયં તીર્થ બનવાનું છે."

સર્વેશ્વરી : આ બધાં તીર્થો કરતાં તો ઘરે વધારે શાંતિ લાગે.

પૂ. શ્રી : પુષ્કરમાં શાંતિ હતી. હરિદ્વાર, ઋષિકેશ, ચિત્રકૂટ તરફ ઘણી શાંતિ હોય છે.

લગભગ સવા છ વાગ્યે અમે મથુરાની બહાર દિલ્હી તરફ જવા નીકળ્યા. મથુરાથી ૩૧ કિલોમીટર છાટા નામનું નાનકડું સ્થાન આવ્યું. જ્યાં સરકારી ગેસ્ટ હાઉસમાં લગભગ સાત વાગ્યે વિશ્રામ કર્યો.

દરેક વિશ્રામ બાદ સહયાત્રીઓમાંથી એક બે પૂ. શ્રી માટે દૂધની શોધ માટે નીકળી પડે છે. એ રીતે આજે શ્રી મોહનલાલ, કલોલા વિ. ગયા.

પૂ. શ્રીએ સત્સંગ માટે સૌ ભક્તોને બોલાવ્યા. સૌ આવી બેઠા. પ્રાર્થના, ભજન, ધૂન બાદ પૂ. શ્રીએ વાર્તાલાપ આપ્યો.

બે મહત્ત્વનાં સ્થાનો જોયાં (૧) દયાલબાગ અને (૨) વૃંદાવનમાં પ્રભુપાદ સ્વામીનું મંદિર વધારે આકર્ષક લાગ્યું.

જીવ ગોસ્વામીના મંદિરે સમયના અભાવે જવાયું નહિં, પણ પ્રભુપાદ સ્વામી (ભક્તિવેદાંત સ્વામી)નું મંદિર જોવાથી જણાયું કે પરદેશીઓ આવીને મંદિર બનાવે, આપણે ડ્રેસ પહેરે અને આપણે એમના ડ્રેસ પહેરીએ? એ કેવું?

અમેરિકા–ઇંગ્લેન્ડમાં તો આવા મંદિરોની કોલોની છે. દારૂ, શરાબ, માંસ, ધુમ્રપાન નહીં. લગ્નજીવન હોય તો સંયમી જીવનનો આગ્રહ. આ રીતે ત્યાં ભક્તો જીવન જીવે છે.

પ્રભુપાદ સ્વામી ઘણી મોટી ઉંમરે પરદેશ ગયા. ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કર્યો. નોંધપાત્ર કાર્ય વિશાળ પાયા પર એમણે કર્યું. માણસોના જીવનમાં પરિવર્તન લાવ્યા. બાર જ વરસમાં આ કાર્ય થયું.

"માનવજીવનમાં ક્યારે યશ આવી જાય તે કહી ના શકાય. કાર્ય વિદેશમાં કર્યું; પણ શરીર ભારતમાં શાંત થયું." વૃંદાવનમાં સમાધિમંદિર તૈયાર થાય છે તે જોયું.

"બીજાને માટે જે જીવન જીવાય તે જીવન સફળ. (૧) પરાર્થે ને પરમ માટે. એ બંને જીવન પ્રેરક થાય છે. માનવને પોતાને પણ એ જીવન શાંતિ આપતું હોય છે.

પ્રભુપાદ સ્વામીએ શુદ્ધિ પર આગ્રહ રાખ્યો, જેથી પરદેશમાં પવિત્ર જીવન જીવનારા પાક્યા. જે જે કામ પણ માનવમનને ઉન્નત કરે, તે કલ્યાણકારક ગણાય."



ગઈકાલ કરતાં આજે પ્રમાણમાં બપોરનો વિશ્રામ સારો હતો. જીવન જ આખી યાત્રા છે. જે વખતે જે સ્થિતિમાં પ્રભુ રાખે તેમાં અનુકૂળ થતાં શીખીએ.

રાધા પત્નીના નામ ઉપરથી રાધાસ્વામી સંપ્રદાય છે. એ અંગેનું પુસ્તક શ્રી બાબુભાઈએ વાંચ્યું, જેથી તેઓ કંઈક હવે કહેશે.

શ્રી બાબુભાઈ વોરાએ રાધાસ્વામી સંપ્રદાયની વાતો કરી. શ્રી કલ્યાણે ધૂન બોલાવી. સત્સંગ પૂર્ણ થયો.

બાબુભાઈ સાથે બીજી થોડી વાતો થઈ, જેમાં પૂ. શ્રી જો પરદેશની યાત્રા કરાવે તો? એ મુદ્દા પર વાતો ચાલી. પૂ. શ્રીએ કહ્યું, "મને પરદેશમાં કોઈ આશ્રમ સ્થાપવાનો મોહ નથી, તેમ અહીં પણ નથી. પણ વડોદરા, અમદાવાદ, ભાવનગર તરફ ધ્યાનકેન્દ્ર કંઈક કાર્ય કરે અને વડોદરામાં પ્રવચનો ન હોય ત્યારે થોડા વખત શાંતિથી રહેવા માટે કંઈક નાનકડું સ્થાન હોય, એવું વિચારું છું, વગેરે વાતો બાદ સત્સંગ પૂર્ણ થયો." હરિઃ ૐ

( ક્રમશઃ )

# પ્રાર્થના સંભળાય છે–(૨)

અધ્યાત્મ પ્રેમી

પ્રાર્થના સંભળાય છે ને ચમત્કાર સર્જી શકે છે, એ વાતની પુષ્ટિ કરતો એક બીજો પ્રસંગ પણ અમે આંખે નિહાળ્યો.

બોરીવલી ઇસ્ટમાં ભાઇ યોગેશ પંડયાનો એક મિત્ર રહે. દીપેશ શાહ એનું નામ. આ બંને મિત્રો યુવાનીમાં પ્રવેશ હજી કરી રહ્યા છે, તેમને પૂર્વજન્મના કોઇ સુસંસ્કારોને લીધે પૂ. માનો પરિચય થયો. પરિચય ગાઢો બનતાં શ્રદ્ધા ને પ્રેમભાવ વધવા લાગ્યાં. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા વાંચી ને પૂ. માના ઉપવાસોનું તપ પ્રત્યક્ષ નિહાળ્યું. એટલે ભગવદ્શક્તિમાં વિશ્વાસ વધ્યો.

દોઢેક વર્ષ પહેલાં એટલે ૧૯૮૯ ના જૂન–જુલાઇમાં દીપેશના પિતા શ્રી રમેશચંદ્ર શાહને અચાનક જીભમાં બળતરા શરૂ થઇ. બે ત્રણ દિવસમાં તો એ બળતરા એટલી વધી કે તેઓ પાણી પણ ના પી શકે. પાણીનો એકાદ ગૂંટડો પીતાં જ પીડા વધી જાય. તુરત ડોક્ટરોને બતાવ્યું. બાયપ્સી કરાવી તો નિદાન થયું કે જીભનું કેન્સર લાગે છે.

કેન્સરનું નામ સાંભળતાં જ દર્દીના મોંતિયા મરી જાય. હવે જીવન નહિ ટકે એવો ભય વ્યાપી જાય. તેથી વળી નિદાનની વધુ ચોક્સાઇ માટે બીજા પારસી નિષ્ણાત દાક્તરને બતાવ્યું. તેણે પણ જીભનું ચાંદુ તપાસી, બાયપ્સી કરી, પ્રથમ દાક્તરના અભિપ્રાયને પુષ્ટિ આપી. એટલે જીવવાની આશા ન રહી.



એમનું મકાન બોરીવલી ઇસ્ટમાં, પરંતુ ત્યાં સારા દાક્તરની સારવાર નજીકમાં ઉપલબ્ધ નહિ, તેથી તેઓ તેમના ભાઇ અરૂણ-ભાઇને ત્યાં રહેવા આવ્યા. આવા સમયે મરણ નજીક જણાતાં શ્રી રમેશભાઇને થયું કે હવે પડયા પડયા કોઇ સદ્ગ્રંથનું શ્રવણ કરીએ તો સારું. એટલે તેમના પુત્ર દીપેશે 'પ્રકાશના પંથે' વાંચી સંભળાવવા સૂચન કર્યું. તેમણે એ સ્વીકાર્યું અને એક પરિચિત ભાઇને ત્યાંથી એ પુસ્તક ભક્તિભાવપૂર્વક લાવવામાં આવ્યું. શ્રી રમેશભાઇએ પુસ્તક ઉપરનો પૂ. શ્રી યોગેશ્વરજીનો ફોટો નિહાળતાં જ મનોમન તેમને સાચા દિલથી પ્રાર્થના થઇ ગઇ. ડૂબતો માણસ જેમ તરણાને પણ મદદની આશાએ પકડી લે એમ–મરણાસન્ન રમેશભાઇ પણ બીજું શું માગે?–રોગની પીડામાંથી નિવૃત્તિ ને જીવનનો બચાવ.

સહજભાવે રાતે થયેલી આટલી નાની પ્રાર્થનાએ ભારે ચમત્કાર સર્જ્યો. શ્રી દીપેશ અને એની માતા તો પૂ. ગુરુદેવને પ્રાર્થના કરતાં હતાં જ. સવારે શ્રી રમેશભાઇ ઉઠયા તો બાથ-રૂમમાં મોં ધોવા ગયા ને આદત મુજબ પાણી કોગળા માટે મોંમાં મૂકાઇ ગયું. પરંતુ આજે બળતરાની પીડાનો અનુભવ ન થયો. ઘડીભર વિચારમાં પડી ગયા. બાથરૂમમાંથી બહાર આવ્યા. પીવાનું પાણી માગ્યું. ઘરનાંને એ સાંભળી આશ્ચર્ય થયું. એકાદ મહિનાની આ માંદગીએ એમના શરીરને સાવ ભાંગી નાંખ્યું હતું. પાણી લઇ શકતા જ નહિ. ઘરનાં પાવા જાય તો જીભ પરની પીડાને લીધે ના જ પાડે. તેઓની આજે સામેથી પાણીની માંગણી સાંભળી આશ્ચર્ય પામ્યાં! થોડું પાણી દીધું. શ્રી રમેશભાઇએ તેમાંથી ત્રણ ચાર ઘૂંટડા પીધા. પરંતુ ખાસ બળતરાની પીડા ન અનુભવાઇ. ઘણા દિવસો કેડે આ રીતે પાણી પીવાયું તેથી મનમાં

શાન્તિ થઈ. થયું કે હવે પછી મારાથી પાણી લઈ શકાશે.

પછી તો પ્રકાશના પંથે સાંભળવા માંડયું. દિવસે દિવસે વધુ રાહત થતી ગઈ. અઠવાડિયા પછી ફરી ચિકિત્સા કરાવી તો રિપોર્ટ આવ્યો કે જીભનું અલ્સર છે ને તે રૂઝાવા પર છે, નજીવી દવાથી આ અલ્સર સારું થઈ ગયું. પૂ. મહાત્માજીએ મોટી કૃપા કરી એમ તેઓને લાગ્યું. એકાદ મહિનાની સારી સંભાળ ને સારવારથી સંપૂર્ણ સારું થઈ ગયું. આથી એમને થયું પૂ. માના દર્શને જવું જોઈએ. તેમની કૃપાથી નષ્ટ થઈ રહેલ જીવન ફરી મળ્યું. એમના ચરણે વંદન કરી, કૃતજ્ઞતા વ્યક્ત કરી, આભાર માની આવીએ.

પૂ. મા તે વખતે વડોદરામાં શ્રી જીતુભાઈને ત્યાં વિરાજતાં હતાં. પત્ર દ્વારા દર્શનની માંગણી કરી. અનુમતિ મળતાં શ્રી રમેશભાઈ ને તેમનાં પત્ની પૂ. મા–પ્રભુના દર્શને ખાસ મુંબઈથી ગયાં. ગદ્ગદ કંઠે તેમણે પોતાના વ્યાધિની અને તેમાંથી થયેલ અદ્ભુત ઉગારની વાત કરી. પૂ. માને વંદન કર્યા–મનની માનતા પૂરી કરી.

પૂ. માએ કહ્યું, "પૂ. ગુરુદેવની કૃપા તમને તમારી શ્રદ્ધાના પરિણામે મળી છે. પણ તે માટે સર્વ સમર્પણ કરનારા કેટલા !"

શ્રદ્ધા સાથે પ્રાર્થનાનો સમન્વય થતાં તે શું કરી શકે છે તેનું દર્શન શ્રી રમેશભાઈના આ પ્રસંગમાં જોવા મળે છે.

* * *

વડોદરામાં તા. ૧૩ મી નવેમ્બર ૧૯૯૦ ને દિને પૂ. મા શ્રી સર્વેશ્વરીના જન્મદિનની ઉજવણી સરસ રીતે થઈ. વિદેશનાં ૩૭ સાધક ભાઈ બહેનો ઉપરાંત ગુજરાતનાં વિવિધ શહેરો અને મુંબઈથી પણ ઘણા લોકો આવ્યા હતા. ઉજવણી પત્યા પછી પૂ. માની વિદાય લેવા અમે ગયા, તો તેઓએ જણાવ્યું હમણાં નીચે



બેસો હું આવું છું.

થોડી વારે તેઓ પધાર્યાં. પછી જાહેરાત કરી કે આવતી કાલે નર્મદાસ્નાન માટે કરનાળી જવાનું છે. એ માટે ૫૬ સીટની એક લક્ઝરી બસ કરવામાં આવી હતી. સ્વાભાવિક રીતે સહુને થાય કે પૂ. મા સાથે યાત્રાનો લાભ અમને મળે તો કેવું સારું ! પરંતુ જગાની મર્યાદા એટલે પસંદગી કરવી પડે.

પૂ. માએ પરદેશનાં સર્વ સાધકોનો સમાવેશ કરી લીધા પછી–ઉપસ્થિત ભારતના સાધકોમાંથી પસંદગી કર્યા બાદ ત્રણ જગાઓ ખાલી રહેતી હતી. રામાયણ પારાયણમાં ને બીજા કાર્યક્રમોમાં શ્રી વિનોદભાઈ જોષી, શ્રી અનિરુદ્ધભાઈ કાકાની ને બીજી એક મળી છ છોકરીઓએ ઘણી સારી સેવા બજાવેલી. એટલે આ છમાંથી ત્રણની પસંદગી કરવાની હતી. કામ કપરું હતું. પરંતુ પૂ. માએ એ કામને સહેલું બનાવી દીધું. બાળપણની રમતોમાં ગોઠિયાઓની પસંદગી કરવા માટે જે રીત અજમાવવામાં આવે તેવી રીત પૂ. માએ પણ આજે અજમાવી.

બબ્બેના જોડકામાં છોકરીઓને કહ્યું, "જાઓ તમારાં નામ પાડી આવો. ચંપો કે ગુલાબ. એમાંથી અમારા મનમાં જે નામ હશે તે નામની છોકરીને પસંદગી મળશે. એમ ત્રણ છોકરીઓની પસંદગી પણ પૂ. માએ કરી લીધી. બીજી ત્રણને આથી નિરાશા થાય એ સ્વાભાવિક હતું, પરંતુ ઉપાય ન હતો."

બીજે દિવસે સવારે અમારી બસ ઉપડવાની હતી. આ છએ છોકરીઓને એક સાથે બસ ઉપર આવેલી જોઈ અમને આશ્ચર્ય થયું. એટલે પૂછ્યું કે "તમે બધાં કેમ આવ્યાં છો." તેમણે કહ્યું, "પૂ. માનાં દર્શન કરવા." પરંતુ, તેમના બધાંના હાથમાં યાત્રામાં

જોડાવાનાં કપડાંની થેલીઓ હતી, એટલે અમે પૂછ્યું, "તમે તો બધી થેલીઓ લઇને આવી છોને !"

પ્રત્યુત્તરમાં હસતાં હસતાં પેલી નાપસંદ થયેલી છોકરીઓએ કહ્યું, "પૂ. મા જો કહેશે તો અમે બેસી જઇશું, નહિ તો ઘેર જઇશું. પરંતુ જો તેઓ અમને સાથે આવવા કહે તો અમે પાછાં ઘરે કપડાં લેવા ક્યાં જઇએ? એટલે લેતાં આવ્યાં છીએ."

બાળાઓની આ અગમચેતી અને શ્રદ્ધા અમને ગમ્યાં. બન્યું પણ એમ જ. પૂ. માને પ્રણામ કરતાં જ બધાંને જ પૂ. માએ બેસી જવાનું કહ્યું એથી સહુ ખુશ ખુશાલ થઇ ગઇ ! અરે ! નાચી ઊઠી. પૂ. ગુરુદેવ અને પૂ. માનો જયઘોષ પોકારી વાતાવરણને ગજવી મૂક્યું. વાહ, મા વાહ, તારી બલિહારી કેવી !

બસમાં બેઠાં પછી આ છોકરીઓએ અમને વાત કરી કે ગઇ કાલે જે ત્રણ છોકરીઓ નાપસંદ થઇ હતી, તેઓએ મનમાં નક્કી કર્યું કે ઘરે જઇને પૂ. ગુરુદેવને અને પૂ. માને પ્રાર્થના કરવી કે તેઓને પણ યાત્રાનો લાભ મળે. શ્રી યોગેશ્વર બાવનીના ૧૦૮ પાઠ કરવાનો સંકલ્પ કર્યો. તેઓની આ પ્રાર્થનામાં પસંદગી પામેલી પેલી ત્રણ બાળાઓ પણ જોડાઇ. આમ છ જણીઓ શ્રદ્ધાપૂર્વક પ્રાર્થનાના આ સમૂહ યજ્ઞમાં લાગી ગઇ. બરાબર વહેલી સવારના સાડા ત્રણ વાગે તેઓના આ પાઠ અને પૂ. મા તથા પ્રભુને ૧૦૮–૧૦૮ દંડવત્ પ્રણામ પૂરા થયા. એ પૂરું થતાં જે દેવસ્થાન આગળ બેસી તેઓ આ પ્રાર્થના કરી રહ્યાં હતાં, તેમાં પૂ. મા તથા પ્રભુશ્રી યોગેશ્વરજીનાં સ્વરૂપો પણ હતાં. આમાં પૂ. માના સ્વરૂપમાંથી અગરબત્તીના ધૂપની શેરની જેમ–સુગંધિત ધૂમશેર પ્રકટીને પૂજ્યશ્રીના સ્વરૂપમાં પ્રવેશતી જણાઇ. બધી જ



બાળાઓ આ દૃશ્ય જોઇ આનંદિત થઇ ઊઠી. એમને થયું કે અમારી પ્રાર્થના પૂ. મા–પ્રભુએ સાંભળી છે. એટલે અમો બધાંને જ પૂ. મા યાત્રામાં જરૂરથી લઇ જશે.

લગભગ પંદર મિનિટ સુધી આ ધૂમશેર દેખાતી રહી. તે જોવા તેઓએ શ્રી અનિરુદ્ધભાઇ અને એમનાં પત્નીને પણ ઉઠાડયાં. પરંતુ તેઓને તે ના દેખાઇ, એનું આશ્ચર્ય આ બાળાઓને થયું. સાચું છે કે જે તપે તે જ તેનું પરિણામ નિહાળી શકે, પામી શકે. તપ્યા વિના કશું આધ્યાત્મિક ક્ષેત્રે પમાતું નથી; મળતું નથી.

બાળાઓની આ ગાંડીઘેલી લાગતી પ્રાર્થનાની પદ્ધતિએ ધારેલું ફળ નીપજાવ્યું–તે સાંભળીને અમને આશ્ચર્ય સાથે આનંદ પણ થયો. શ્રદ્ધાપૂર્વક સાચા હૃદયથી કરેલી પ્રાર્થના કેવી સંભળાય તેનું એક સરસ ઉદાહરણ જોવા મળ્યું.

* * *

વડોદરાની નવેમ્બર, ૯૦ ની આઠ દિવસની રામાયણ પારાયણમાં મોરબીના શ્રી પ્રભુભાઇ હળવદિયાએ સાધકોની સરસ સેવા બજાવેલ. પરિણામે નર્મદાયાત્રામાં સામેલ થવા પૂ. માએ તેમની પસંદગી કરી. પરંતુ તેમની સાથે તેમનાં પત્ની, પુત્ર વગેરે પણ હતાં. પરંતુ પૂ. માએ તેમનો સમાવેશ કરેલ ન હતો. એટલે શ્રી પ્રભુભાઇ માટે સમસ્યા ખડી થઇ. પોતે યાત્રામાં જાય તે દરમ્યાન આખો દિવસ પોતાના પરિવારને રાખવો ક્યાં? છેવટે તેમણે મનથી નક્કી કર્યું તેઓ બધાં શ્રી જીતુભાઇના ઘરના ઉતારા ઉપર પૂ. માના દર્શને આવે–પછી કંઇક ગોઠવી કાઢીશું. એટલે તેઓ સહુ પૂ. માના ઉતારા ઉપર આવ્યાં. યાત્રાની બસ અહીંથી જ ઉપડવાની હતી.

પછી પૂ. મા યાત્રામાં જોડાવા બહાર આવ્યાં કે તેઓ સહુ તેમને પગે લાગ્યાં. તો પૂ. માથી સહજ બોલાઇ ગયું, "યાત્રામાં આવવું છે? તો ચાલો." આથી શ્રી પ્રભુભાઇ ખુશ થઇ ગયા. કેમ ન થાય? આ માટે તેઓએ પૂ. મા અને ગુરુદેવશ્રીને કેટલીય મનોમન પ્રાર્થના રાતભર કરી હતી. તેમની એ પ્રાર્થના પણ સંભળાઇ. બીજા અનેકોની જેમ નિરાશ થઇને તેઓ પણ શાન્ત બેસી ગયા હોત, તો તેમના પરિવારને જે લાભ મળ્યો તે શી રીતે મળત?

આ ઉપરાંત શ્રી પ્રભુભાઇની એક બીજી પણ ઇચ્છા હતી. તેમના પુત્રની બાધા પૂ. માની હાજરીમાં ઉતરાવવાની. પૂ. માએ જ તેમના આ પુત્રનું નામ–કીર્તનકુમાર પાડેલું. એટલે એમને સહજ રીતે આવી ભાવના થયેલી. આથી નર્મદા કિનારે વાત કરતાં જ પૂ. માએ સંમતિ આપી. હજામને શોધી લાવી, બાળકનું મૂંડનવિધિ કરાવ્યું. બાળકે પ્રસન્નતાપૂર્વક પોતાની બાળજટા ઉતારવા દીધી. જરાપણ ચૂં કે ચા ન કર્યું. બાળકનો આવો પ્રતિભાવ જોઇને, જોનારાઓને સાનંદ આશ્ચર્ય થયું, કારણ આવા પ્રસંગે બાળકો ઘણી રડારડ કરી મૂકતાં હોય છે.

મૂંડનવિધિ પછી તેઓ બાળકને પૂ. માને પગે લગાડવા લઇ આવ્યા. પૂ. માએ કંકુ મંગાવી–તેના મસ્તક ઉપર આંગળીથી લખ્યું. 'ૐ મા.' ને તેને જાણે આ મંત્રથી દીક્ષાન્વિત કર્યો ને ભેટ પણ આપી. સ્નાન માટે જતાં પહેલાં બાળકે તેની માને કહ્યું, "હવે મને માથે નવરાવતી નહિ, નહિ તો માનું લખેલું ધોવાઇ જશે. હું મારા દોસ્તોને બતાવીશ કે જુઓ, પૂ. માએ મારા માથા ઉપર કેવું સરસ લખી આપ્યું છે?"

તેની માએ બાળકને સમજાવતાં કહ્યું, "જો બેટા, મા જે



લખી આપેને તે તો ધોઇએ તો પણ કદી ભૂંસાય જ નહિ. એ તો કાયમ માટે લખાઇ જાય. એટલે એ ધોવાઇ જાય એની ચિન્તા ન કરતો."

બાળકની આવી સારી ભાવના જોઇને અમને પણ આનંદ થયો.

સતત કીર્તન અને ધૂનો સાથેની એ નર્મદાયાત્રા–સમાન શીલ વ્યસનેષુ સખ્યં–વાળા સાધકોની એ મંગલયાત્રા હતી; એથી એમાં બીજું હોય પણ શું? અમે પ્રથમ કરનાલી પહોંચ્યા, પરંતુ ત્યાં સ્નાન માટેની સારી સુવિધા નથી એમ જાણવા મળતાં, અમારી બસ 'કુબેર' લઇ જવામાં આવી. અહીં ઘાટ બાંધેલો છે. પચાસ–સાઇઠ પગથિયાં ઉતરી, નર્મદાના પુનિત જલપ્રવાહ સુધી સહુ યાત્રીઓ પહોંચતાં–પુરુષો અને સ્ત્રીઓ–એમ બે વિભાગમાં સ્નાન માટે સહુ વહેંચાઇ ગયાં. પૂ. મા પણ આ પગથિયાં ઝડપથી ઉતરી આવ્યાં.

બાર વાગી ગયા હતા, પરંતુ વાતાવરણમાં હજી ઠંડક હતી. પ્રવાહનું જલ પણ ઠંડુ હતું. પૂ. માએ પહેલાં નર્મદાના એ પવિત્ર જળની છોળોથી ભાઇઓના સમૂહને–પોતાના પવિત્રતમ હાથોથી છંટકાવ કરી નવરાવ્યા. સ્નાન કરી રહેલા સહુને લાગ્યું કે આજે તેઓનું ભાગ્ય ખરે જ વિરલ છે. ગંગાની જેમ નર્મદાનું જલ પણ પવિત્ર મનાયું છે. એમાં સ્નાન કરવાનો મહિમા શાસ્ત્રોમાં ગાવામાં આવ્યો છે. આજે એ પવિત્ર–જલપ્રવાહ પૂ. મા શ્રી સર્વેશ્વરી જેવા તપસ્વી સંતના સ્પર્શે અધિક પવિત્ર બન્યો છે અને એમાં સ્નાન કરવાનું દેવદુર્લભ સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું તેમણે ધન્યતા અનુભવી.

ભાઈઓની સ્નાનવિધિ પતતાં, હવે બહેનોનો વારો આવ્યો. આ બહેનોને તો આજે પૂ. માએ સખ્યભાવથી ધન્ય ને કૃતકૃત્ય કરી દીધાં! મસ્તીભરી છોળાના છંટકાવે એકેએક બેનને પૂ. માએ નવરાવી. સહુને પોતાનું બાળપણ યાદ કરાવી દીધું. એ નિર્દોષ મસ્તીભર્યા પુલકિત હાસ્યની છોળો સાથેનું નર્મદાસ્નાન સહુ બેનો માટે જીવનનું એક અણમોલ સંસ્મરણ બની ગયું. એ તો ઠીક; પરંતુ દૂર ઊભા રહીને અમારા જેવા જોનારાઓ પણ ધન્ય બની ગયા! ઘડીભર તેમને બહેનોની ઈર્ષા પણ આવી ગઈ! વિચાર આવ્યો કે અરે! આપણે પણ જો આજે બહેનો હોત તો પૂ. માના હાથે મસ્તીભર્યા સ્નાને કેવા આનંદ સાગરમાં ડૂબી ગયા હોત? દેવોને પણ દુર્લભ એવા પૂ. માના સ્વહસ્તે સ્નાનનો એ અવસર આંખોએ નીરખી ને દિલમાં કંડારી લીધો. મનમાં થયું હે મા નર્મદા, તું પવિત્ર તો છે જ, પણ આજે તારી પવિત્રતાને મહિમા ધરવા મા શ્રી સર્વેશ્વરીએ જે કષ્ટ ઉઠાવ્યું એનાથી બન્ને પરસ્પર ધન્ય થયાં. બન્નેને વંદન હો!

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

## માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# તવ પદપંકજ સ્પર્શે (૧)

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

હે મમ સંજીવન સુખાકારી!
મુજ દેહે દે પ્રાણ પસારી,
રગ રગ દે ચેતન ચિનગારી,
પ્રીત–પીયુષ એ પાવનકારી.
રોમ રોમ સંચરશે
પ્રિય હે!
તવ પદપંકજ સ્પર્શે.

"હે મા, Welcome to Mother India, હે મા! અમે તમારા બાલકુસુમો, તમારા મૃદુ પાવન સ્પર્શે ખીલ્યા, નાચી ઉઠયા, ભાનભૂલ્યા એ જ અમારું સ્વાગત માની લેજો, મા!"

"મા, આ વિશ્વ તમારું ઘર, વિશ્વ બાગમાં પ્રકટેલા તવ બાલકુસુમોને સંજીવની ધરતાં તમે વિશ્વની વાટે અહર્નિશ વિચર્યા કરો છો, એ વિચરણ પાછળ પરમાત્માની પરમશક્તિની પ્રેરણા અજબ રીતે કામ કરી રહી છે, એ વિચરણે કેટલાયને વાર્યા છે, બેઠા કર્યા છે, ચાલતા કર્યા છે અને તાર્યા છે, શિલા જેવા કંઈક જડ જીવનોમાં એ પદસ્પર્શે પ્રાણ સંચાર થયો છે.

જુઓને, આ રહ્યા જયંતીભાઈ! પૂ. મા કેનેડાથી તેમને સાથે લાવ્યાં છે, વૈભવથી વીંટળાયેલું તેમનું જીવન શીલાથી કંઈ વિશેષ ન હતું. પરમશક્તિના પાવન સ્પર્શે આજે પણ શીલામાંથી અહલ્યાનું પરિવર્તન કેવી અદ્દ્ભુત રીતે થાય છે તેનું જયંતીભાઈ

એક અનોખું ઉદાહરણ છે.

વૈભવની વિપુલતાએ વિદેશોમાં વસતા મનોહર માનવ મંદિરોને કેવી ખંડિયેર હાલતમાં ફેરવી નાંખ્યાં છે, તે જયંતીભાઇના જીવન દ્વારા અનેકની કથા કહી જાય છે. દારૂ, માંસ અને વ્યસનોના રૂપમાં આજે એ વૈભવ, વિલાસતાનો ભંગાર ચારે બાજુ વેરવિખેર હાલતમાં પથરાયેલો દેખાય છે. વૈભવની આ વાસ્તવિકતા છે. કુટુંબનો–પ્રેમના તાણાવાણારૂપી તણખલાથી સંગઠિત થયેલો માળો, લગભગ પીંખાઇ ગયો છે. ભોતિકતાના ચમકારે ધન એ એક માત્ર જીવનધ્યેય બની ગયું છે. ભૌતિક સુખની મોહિનીના કામણે સામે ચાલીને જાણે અંધત્વ સ્વીકારી લીધું છે.

પૂ. માએ વિદેશોમાં કેટલાયે અણઘડ માનવરત્નોને સુંદર પહેલ પાડી નમૂનેદાર બનાવ્યા છે. તેમાનું એક બેનમૂન રત્ન તે શ્રી જયંતીભાઇ. આવા તો ઘણાં અનુપમ માનવ રત્નોના ઘાટ પૂ. માએ વિદેશની ધરતી પર ઘડયા છે. પૂ. મા જે હરિનામનો વેપાર કરે છે તેનો આ ચોક્ખો નફો છે. પૂ. મા ઘણીવાર કહે છે કે અમે તો અમારા શામળિયા શેઠ યોગેશ્વર પ્રભુનાં મુનિમ છીએ, અમે અમારા માનવરત્નોના વેપારમાં જે નફો કમાઇએ છીએ તે પ્રામાણિકપણે શામળિયા શેઠની પેઢીમાં જમા કરાવી દઇએ છીએ.

માનવરત્નોનો આ ફાલ ઉતારવામાં પૂ. માનો પરિશ્રમ એ કોઇ સાધારણ પરિશ્રમ નથી. સાગરનાં મોજાં અને કિનારાનું એ અવિરામ યુદ્ધ છે. અહર્નિશ ચાલતા એ સંગ્રામમાં મોજાઓના સતત પ્રહારોથી કિનારાના મહાકાય ખડકો પણ એક દિવસ જીર્ણશીર્ણ થઇ જાય છે. પૂ. માના જીવનમાં પણ એ જ જીવન-



સંગ્રામનું સાતત્ય છે. અંતરમાં ઉછળતાં એ પ્રેમસાગરનાં મોજાંઓના એકધારા પ્રહારોથી માનવના અંતરઆડે ઊભી થયેલી જડત્વની પાષાણ શીલાઓને ભાંગીને ભૂક્કો કર્યે જ છૂટકો કરે છે. પૂ. મા તો પ્રેમસાગર છે. આ સાગર ખારાશથી નહીં, અમૃતથી છલકાય છે. છેવટે એ અમૃત માનવ જડત્વની શીલાઓને તોડી અંતરમાં ઠલવાય છે. એ સંજીવની સ્પર્શે આખરે એ માનવ-શીલાઓ અહલ્યામાં પલટાય છે. મૃતપાયઃ જીવનમાં ચૈતન્ય ધબકવા લાગે છે. ઊંડા અંધકારમાં ત્યાં પરમ તેજ પ્રકટી ઉઠે છે, જડત્વની શીલાપર અથડાતાં કુટાતાં એ માનવજીવનમાં દિવ્યતાની આભા દીપી ઉઠે છે.

પૂ. માની ઘોર તપસ્યા શા માટે છે? શીલાઓને સજીવન કરવા અને તેમને નવજીવન ધરવા માટે, તેઓ રાતદિવસ એક કરી રહ્યાં છે. પૂ. મા રાતદિવસ શાનું ચિંતન કરી રહ્યાં છે? જરા ડોકિયું તો કરો ત્યાં શું દેખાય છે? સંદીપે આજે પ્રભુને નિયમિત દંડવત્ પ્રણામ કરવાનો નિયમ પાળ્યો હશે ને? મનીષે દરરોજની પચાસ માળા પુરી તો કરી હશે ને, જીજ્ઞેશ દરરોજ સ્નાન કરીને પ્રાર્થના કરવાનું ભૂલ્યો તો નહીં હોય ને? ભારતી, મનીષાએ બાવની અને પ્રભુની સ્તવનમાળા તો પૂરી કરી હશે ને? જયંતીએ પ્રભુને થાળ અર્પણ કર્યો હશે કે કેમ? પૂ. માને આટલાથી સંતોષ ન થાય. એટલે દરેકને ફોન કરી ખાત્રી કરે પછી જ નિરાંત થાય. પોતાનાં બાળકો પ્રભુપંથે ડગ માંડે, ચાલતાં થાય તે માટ પૂ. મા તેઓના જીવનની પળેપળની ચિંતા કરે.

આનું નામ મા, પોતાના સંતાનોમાં દિવ્યત્વ પ્રકટાવવા રાતદિવસ જાગતાં રહે! પૂ. માના તપની, ત્યાગની, સેવાની,

સમર્પણની સિદ્ધિઓ, ચમત્કારો જોવા હોય તો તેમના સંતાનોના જીવનમાં પ્રવેશજો, એ બાલકુસુમોની કોમળ પાંદડીએ પાંદડીએ મા પ્રકટેલાં દેખાશે.

હમણાં જ વિદેશથી આવેલા બાળકોના ભાવભર્યાં પત્રો વાંચવાનો અનેરો લ્હાવો મળ્યો. પૂ. માએ બાળકોના જીવનમાં પ્રવેશીને કેવું અદ્‌ભુત પરિવર્તન કર્યું છે તેનો પત્રોમાં પ્રતિઘોષ ઉઠે છે. બાળકો લખે છે કે મા, અમે તમારું આપેલું લેશન બરાબર કરીએ છીએ. સવારે વહેલાં વહેલાં ઉઠીને, સ્નાન કરીને પ્રાર્થના કરીએ છીએ, દંડવત્ પ્રણામ પ્રભુને નિયમિત કરીએ છીએ, ચા, કોફી કંઇપણ પીતા નથી. સવારે જપ, માળા અને પાઠ કરીને પછી જ સવારનો નાસ્તો, દૂધ લઇએ છીએ. ભોજન લેતાં પહેલાં પ્રભુને થાળ અર્પણ કરી સ્તુતિ કરીએ છીએ. સાંજે સૌ સાથે બેસી સમૂહ પ્રાર્થના કરીએ છીએ, મમ્મી, પપ્પાને પગે લાગવાનું ભૂલતાં નથી. તમે આપેલાં બધા જ નિયમો બરાબર પાળીએ છીએ, તો પાછાં જલ્દી જલ્દી અમારી પાસે ક્યારે આવો છો? અમે તમને દરરોજ યાદ કરીએ છીએ, તમારા વિના ગમતું નથી. શું અમે તમને ભારત લેવા આવીએ? તમે ક્યારે આવો છો તે જલ્દી જણાવજો, અમે એરોડ્રામ પર લેવા આવીશું.

પોતાની કાલીઘેલી ભાષામાં, નાનકડાં કોમળ હૃદયોમાંથી પત્રોમાં આવી ભાવસરિતાઓ વહાવી છે. ૧૩ મી નવેમ્બરે પૂ. માના પ્રાકટ્ય પર્વે આ બાળકોએ પોતાની નાની નાની પણ સ્વહસ્તે ભારે જહેમતપૂર્વક તૈયાર કરેલી જે ભેટો મોકલાવી છે તેમાં તો આ બાલકુસુમો શું ખીલ્યાં છે! શું પોતાના ભાવોની સમૃદ્ધિ ઠાલવી છે? શું પોતાના અંતરનો અનુરાગ વહેતો કર્યો



છે! શું એ બાલપુષ્પોએ પોતાના પ્રેમનો પમરાટ ફેલાવ્યો છે કે તેઓના એ નિર્દોષ બાલસહજ ભાવને બાળક થયા સિવાય નહીં સમજી શકાય. સાત વર્ષથી માંડીને પચ્ચીસ વર્ષના યુવાનોએ, કોઇએ સ્વહસ્તે દોરેલા યોગેશ્વર પ્રભુના રેખા ચિત્રો છે તો કોઇએ સુંદર પુષ્પગુચ્છોને ચિત્રોમાં સજીવન કરીને પૂ. માને પ્રાકટ્ય દિને શુભેચ્છાઓ વ્યક્ત કરી છે. તો વળી કેટલાકે તો અવનવા અભિનંદન કાર્ડોનો વરસાદ વરસાવ્યો છે. તો વળી કેટલાકે સંગીતથી ગુંજતાં કાર્ડોમાં પોતાના ભાવને ગુંજતો કર્યો છે. બાળકોના નાના નાના પત્રોમાં જાણે ભાવ ક્યાંય સમાતો ન હતો! પૂ. મા બાળકોના આ ભાવને ભારે ગૌરવપૂર્વક સૌ સમક્ષ પેશ કરે છે. આવા અનેક ચળકાટભર્યાં રત્નોના ઘાટ પૂ. માએ અદ્‌ભુત રીતે ઘડ્યા છે. પૂ. માને તેનો ભારે આનંદ છે. જેમ એક ખેડૂતને પસીનો પાડીને પકવેલા પાકને જોઇને આનંદ થાય તેમ પૂ. માને પણ ભારે પરિશ્રમથી પકવેલા માનવરત્નોના પાકને જોઇને પ્રસન્નતા થાય છે.

વિદેશોમાં લાંબા સમય સુધી વસવાટ કરીને પૂ. માએ શું કર્યું તેની વાત જયંતીભાઇએ પોતાના સ્વાનુભવો ટાંકીને સમજાવ્યું. નાના બાળકોના સંસ્કાર ઘડતરનું અદ્‌ભુત કાર્ય આ વખતે પૂ. માએ વિદેશમાં રહીને કર્યું. પશ્ચિમના વિલાસી વાતાવરણમાં ઉછરેલા બાળકોને એ વિલાસીલતમાંથી છોડાવવાનું કામ ભારે મુંઝવણભર્યું છે. માતાપિતા અને સમાજ પણ વિલાસી પ્રવાહમાં ઘસડાઇ ગયાં છે ત્યારે બાળકોને તેમાંથી બચાવવાનો કોઇ ઉપાય નથી. જેઓને ગુજરાતી બોલતાં પણ નથી આવડતું તે બાળકોને ભારતીય સંસ્કારોથી મંડિત કરવા તે ભારે મુશ્કેલીભર્યું કામ છે. સંસ્કારસિંચન એ સાધારણ કામ નથી. એમાં સંસ્કાર સિંચનારે

પોતાની જાતને પવિત્રતાથી સંસ્કારવી પડે છે. અંતરમાં પરમાત્માની કૃપા પ્રવાહિત કરવી પડે છે. સાધનારત જીવનના મંથનદ્વારા દિવ્યત્વનું અમૃત પ્રકટાવવું પડે છે. ત્યારે એ અમૃતસ્પર્શે જન્મોના સંસ્કારોનું ઉર્ધ્વીકરણ શક્ય બને છે. બીજાના જીવનમાં પ્રકાશ પાથરવા દીપક થઈને જલવું પડે છે. દિવ્ય સંપત્તિથી મંડિત થયા વિના બીજામાં દિવ્યત્વ પ્રકટાવી શકાતી નથી.

આપણે એમ માનીયે છીએ કે માણસ ઠોકર ખાઈને સુધરે છે, અનુભવે ઘડાઈને ડાહ્યો થાય છે, સલાહથી સમજણો થાય છે; પરંતુ એ સામાપ્રવાહમાં તરવા જેવું છે, તેમાં બહુ સફળતા મળતી નથી. માનવ સંસ્કારોનું ગુંચળું ભારે રહસ્યમય છે. માણસ એ સંસ્કારોના જાળામાંથી સહેલાઈથી મુક્ત થઈ શકતો નથી. ભારે પ્રયત્નો છતાંય તરત જ ફરીથી પાછો સંસ્કારોની સહજ નબળાઈથી ઘેરાઈ જાય છે. એટલે જ જીવનના આમૂલ ઉર્ધ્વીકરણ માટે અંતરની ધગશ સાથે કોઈ પારસમણિ સ્પર્શની જરૂર રહે છે.

પૂ. માનું જીવનપોત એ સાધારણ સંસ્કારોનું બનેલું નથી. એ પોતાના તાણાવાણાઓમાં પરમાત્માની પોતીકી શક્તિનું સામર્થ્ય રહેલું છે. એ સામર્થ્યના રંગે કેટલાય જીવોના જીવનપોતને પ્રભુપ્રેમના સંસ્કારોથી રંગ્યા છે. બાળકોના જીવનપોતને પણ આ સામર્થ્યે જ રંગ્યા છે, સંસ્કાર્યા છે.

પૂ. મા બીજું બધું પછી છે, પરંતુ સૌ પ્રથમ 'મા' છે. એ માતૃબંધારણમાં દિવ્યપ્રેમના પરમાણુઓ જે સહેજ રીતે ઓતપ્રોત થયેલા છે તેનો જોટો વિશ્વમાં તો શું પણ બ્રહ્માંડમાં જડવો મુશ્કેલ છે. માતાપિતા, કે સગાંસ્નેહીઓની લાગણીઓ બાળકોમાં જે



પરિવર્તન નથી કરી શકતી તે આ દિવ્ય માતૃશક્તિના પ્રેમસ્પર્શે સહજ બને છે. આ બાલકુસુમો ખીલ્યાં છે તેની પાછળ એ દિવ્ય પ્રેમસૂર્યના કર કિરણોનો કોમળસ્પર્શ રહેલો છે.

પૂ. માને બાળકો ગમે તે સહજ છે. પરંતુ બાળકોને પૂ. મા ગમે તેમાં પેલા દિવ્યપ્રેમની જાદુઈ કરામત છે. કારણ કે પૂ. માના અપૂર્વ તપ, કે ત્યાગને સમજવાની શક્તિ હજું એ કુમળા માનસના ગજા બહારની છે, પરંતુ એ પ્રેમની ભાષાને સમજવાની, ઉકેલવાની હૈયાસૂઝ બાળકોની પોતીકી છે, કારણ બાળકો પ્રેમની ભાષા, લાગણીના ભાષા સારી રીતે સમજે છે.

આમ પૂ. મા અને બાળકોનો મેળ ત્યાં બરાબર જામ્યો. પૂ. માની સહજ રમુજવૃત્તિએ પણ એટલું જ કામણ કર્યું. એ ગમ્મત સાથે જ્ઞાનની ગોળીઓ ક્યારે ગળે ઉતરી ગઈ તેની બાળકોનેય ખબર પણ ન પડી. રગેરગમાં એ નશો છવાઈ ગયો, મસ્તીનો એક આલય ત્યાં રચાઈ ગયો.

( ક્રમશઃ )

## સુવાક્ય

જીવનમાં બનનારા બધા જ પ્રસંગો માણસને અનુકૂળ નથી થતા, માણસે પ્રસંગોને અનુકૂળ થવાનું હોય છે. મોટે ભાગે અને મોટા ભાગના માણસોને માટે એ જ હકીકત હોય છે. એટલા માટે જ કહી શકાય છે કે પ્રસંગોને કે પરિસ્થિતિને અનુકૂળ થતા શીખે છે તે સુખી થાય છે ને બીજા દુઃખી બને છે.

યોગેશ્વરજી

# મારા ગુરુદેવ–(૮)

નારાયણ હ. જાની

તે દિવસોમાં પૂ. શ્રીનું મુખમંડળ ખૂબ શાન્ત ને આંખો તેજસ્વી લાગતી. પ્રથમ દૃષ્ટિએ જ તે ધ્યાન ખેંચતાં. તે વખતે જોયેલું તેમનું સ્વાસ્થ્ય પાછળનાં વર્ષોમાં કોઈપણ સમયે પછી જોવા નથી મળ્યું. બીજી રીતે કહીએ તો, તે પછીનાં વર્ષોમાં તેઓશ્રીએ સાધના માટે ઘણા લાંબા પ્રખર ઉપવાસો કર્યા, તે સહન કરવાની શક્તિ, શરીરના આ સુદૃઢ પાયાને લીધે પ્રાપ્ત થઈ.

આ દિવસો દરમ્યાન તેઓએ સાધનાત્મક તાલીમ માટે શરીરને કસવાની શરૂઆત કરી દીધી હતી. તેઓ પગમાં જોડા કે ચંપલ ત્યારે પહેરતા નહિ. ઘણીવાર બપોરના તડકામાં કે રાત્રિના અંધકારમાં ચાલવાના પ્રસંગો આવતા. પરંતુ તડકો કે કાંકરા–કાંટા માટે તેઓ કોઈ ભય સેવતા નહિ. મનને આવું કષ્ટ સહેવાની તાલીમ તેઓએ આપવા માંડી હતી.

પાછલાં વર્ષોમાં પણ યોગેશ્વરજીના પગ કોઈ જુએ તો તેને કદાચ એ ખ્યાલ ન આવે કે આવા સુકોમળ પગ કયી રીતે વર્ષો સુધી ઉઘાડા ચાલવાનું કષ્ટ સહી શક્યા હશે? બાળક જેવા સુકોમળ ને ગુલાબી સુરખી ધરાવતા આ પગોએ કેટકેટલી પદયાત્રાઓ–પત્થરો અને રેતાળ પ્રદેશોમાં કરી છે, તેનો કોઈ ખ્યાલ આવી શકે તેમ નથી. પ્રભુએ જ આ બધા સમય દરમ્યાન તેઓની રક્ષા ઝેરી જીવજંતુઓથી તેમજ કાંટા, કાંકરા અને પત્થર વગેરેના ઘાઓમાંથી કરી છે, એમ તેઓશ્રી સુદૃઢપણે માને છે.



ભાદરણની નોકરી એકાદ વર્ષ ચાલી. આ ગાળા દરમ્યાન તેઓની આંતરમુખતા ને ઈશ્વરદર્શન માટેની લગની વધુ તીવ્ર બન્યાં. આથી હિમાલયમાં સાધના માટે જવાના તેમને ફરી વિચર આવવા માંડયા. પરંતુ માતાજીને આર્થિક સહાય કરી શકાય તે માટે પણ તેઓ વિચારતા હતા. આથી ઋષિકેશ કે એ બાજુ કોઈ નોકરી મળી જાય તો બન્ને હેતુ સિદ્ધ થાય. પરંતુ એવું બને શી રીતે?

છેવટે 'જગદંબા'ને કરાતી પ્રાર્થનાઓના પરિણામે એવો સુયોગ પ્રાપ્ત થયો.

### ફરી ઋષિકેશમાં

૧૯૪૩ ની સાલમાં તેઓશ્રીને ફરી આ તક પ્રાપ્ત થઈ.

ઋષિકેશમાં આવેલી એક ગુજરાતી દેવકીબાઈની ધર્મશાળાના મેનેજર તરીકેની નોકરી તેઓને મળી. આથી આજીવિકા માટે આર્થિક રીતે પરાવલંબીપણું ન રહે ને પવિત્ર ગંગામાતા ને હિમાલયના પવિત્રતમ પર્વતોના વાતાવરણમાં સાધનાની સુગમતા પ્રાપ્ત થાય, તેવી અનુકૂળતા થઈ ગઈ. કોણ જાણે કેમ પણ પૂર્વ-જન્મના કોઈ સંસ્કારોને લીધે, કે પછી પ્રભુના કોઈ ગૂઢ સંકેતોના પરિણામે, શ્રી યોગેશ્વરજીને બાળપણથી જ હિમાલયનું આકર્ષણ વિશેષપણે રહ્યું હતું. અભ્યાસકાળ દરમ્યાન જ તેઓએ કાકા શ્રી કાલેલકરના હિમાલયના પ્રવાસનું કેવળ વાંચન જ નહિ, પરંતુ અધ્યયન જ કરેલું. આથી તે શાંત પવિત્રતમ પ્રદેશ, ભારતીય આધ્યત્મિક સાધકોના પિયરસમો–તેમને બાળપણથી જ આકર્ષી રહેલો.

દેવકીબાઈ ધર્મશાળાની નોકરી શ્રી યોગેશ્વરજી માટે સહનશીલતાની તાલીમ આપનારી નીવડી, કારણ કે અહીં હક્ક

જમાવીને વર્ષોથી બેઠેલી લક્ષ્મીબાઇએ શરૂઆતથી જ તેઓ પ્રત્યે દ્વેષ વ્યક્ત કરી, ગાળો દેવા માંડી. યુવાન વયમાં અપશબ્દો સહન કરવા ઘણા અઘરા. મન ઉપર ખૂબ સંયમ જોઇએ; નહિ તો મન ઉશ્કેરાઇ જાય અને વિનાકારણ ગાલીપ્રદાન કરનારને મેથીપાક ચખાડવાનું મન થઇ આવે. આમ છતાં શ્રી યોગેશ્વરજીને લક્ષ્મીબાઇ પ્રત્યે કોઇ રોષ ન થયો. ઉલ્ટી એમને એના પ્રત્યે કરૂણા થતી. થતું કે એ જીવને ખબર નથી કે મેં તેનું કંઇ બગાડયું નથી. હું તો કેવળ ટ્રસ્ટીઓની સૂચના મુજબ જ અહીં આ કામ સંભાળવા આવ્યો છું. મારે વ્યક્તિગત રીતે લક્ષ્મીબાઇ સાથે સંઘર્ષ થવાનું કોઇ કારણ નથી. તે સમયે તેઓની આ સમજને લીધે જ તેઓ તેના દુર્વ્યવહવારને ક્ષમા કરી શક્યા. ને મનમાં કોઇપણ પ્રકારનો ઉશ્કેરાટ ન અનુભવ્યો.

તેઓએ અહીંની પરિસ્થિતિની ટ્રસ્ટીઓને જાણ કરી દીધી અને તેઓના માર્ગદર્શનની રાહ જોવા લાગ્યા. પરંતુ તેઓ તરફથી કોઇ પ્રત્યુત્તર ન આવતાં તેઓએ પોતાનું સમગ્ર ધ્યાન વ્યક્તિગત સાધનામાં લગાડી દીધું.

આમ ઋષિકેશના પવિત્ર વાતાવરણનો લાભ તેઓએ પોતાની આત્મિક ઉન્નતિના કાર્યમાં જોડી દીધો. તેઓ અહીં દિવસનો મોટો ભાગ ધ્યાનની ત્રણ ત્રણ કલાકની ચાર બેઠકોમાં વ્યતીત કરતા. શ્રી ચંપકભાઇ કોઇ કોઇ વાર ધ્યાનમાં જોડાતા. ઓરડાનાં બારી બારણાં બંધ રાખીને તેઓની આ ધ્યાન સાધના ચાલતી, પરિણામે એમના મનની સ્થિતિ કોઇપણ પ્રકારના બાહ્ય વ્યવહાર કરવાને યોગ્ય રહી નહિ.

આ વખતે તેઓએ પોતાના પહેરવેશમાં પરિવર્તન કર્યું.



અત્યાર સુધી તેઓ હાફશર્ટ, ને છૂટી પાટલીનું નાનું ખાદીનું ધોતિયું પહેરતા. પરંતુ હવે તેઓના ત્યાગ–ભાવને આ પોષાક અનુરૂપ ન લાગતાં તેઓએ કૌપીન પહેરી, ઉપર ઢીંચણ સુધીનો દોઢવારી કકડો વીંટવા માંડયો. બહાર નીકળતાં, ઉપરના ભાગમાં એવો જ એક બીજો કકડો ઓઢી લેતા. આ કકડાઓ ખાદીના જ રાખતા. કકડાઓ રંગીને, ભગવાં કરવાનો વિચાર તેઓને કદી નથી આવ્યો. તેઓ માને છે કે બાહ્ય ત્યાગ કરતાં આંતરિક માનસિક ત્યાગ જ મહત્ત્વનો છે. કપડાને રંગવાને બદલે, મનને પ્રભુભક્તિથી રંગવું એ જ વધુ મહત્ત્વનું ને સાધના માટે ઉપયોગી છે. આનો અર્થ એવો નથી કે ભગવાં વસ્ત્રોધારી સંન્યાસીઓ પ્રત્યે તેઓને આદર કે માન નથી. તેઓ પ્રત્યે પૂરેપૂરું માન અને આદર હોવા છતાં પોતા માટે તેઓને આ ભગવા કપડાની આવશ્યકતા કદી નોતી લાગી.

ઋષિકેશની આ નોકરી એક વર્ષ જ ટકી. તે દરમ્યાન, સમયનો પૂરેપૂરો ઉપયોગ–ભગવાન પ્રાપ્તિની દિશામાં કરવાના તેમના પ્રયાસો ચાલુ રહ્યા. ગંગાનો શાન્ત પવિત્રતમ કાંઠો ને આધ્યાત્મિક પરમાણુઓથી પરિપ્લાવિત વાયુમંડળે તેમના પ્રયાસો-માં વેગ પૂર્યો. આનું પરિણામ એ આવ્યું કે ધર્મશાળાની કામગીરી પણ પ્રભુસ્મરણના સાતત્યમાં બાધારૂપ લાગવા માંડી. સાથે સાથે થવા માંડયું કે "જે પ્રભુપ્રાપ્તિ માટેના હું પ્રયાસો કરું છું, તેની સંપૂર્ણ શરણાગતિ મેં હજુ ક્યાં સ્વીકારી છે!"

આ અરસામાં એક બીજી ઘટના પણ બની.

એક સાંજે ગંગા ઉપરથી તેઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે ઉતારા ઉપર એક ચમત્કારી સંન્યાસીનો તેઓને અચાનક ભેટો

થઇ ગયો. શ્રી યોગેશ્વરજીના મુખ સામે જોઇને જ તેમણે કહેવા માંડયું,

"તમે જ્યાં નોકરી કરો છો, ત્યાં એક વર્ષથી વધુ સમય નહિ રહી શકો. તે પછી ઉત્તર તરફ સાધના માટે જશો ને પાણીના ઝરણાને કાંઠે રહી સાધના કરશો. હનુમાન અગર કાલીને તમે ઇષ્ટ કરશો. ત્યાંની સાધનાના પરિણામે, તમને શાન્તિ મળશે."

"અહીંની ધર્મશાળાના ટ્રસ્ટીઓનો જે કેસ ચાલે છે, તેમાં ટ્રસ્ટીઓ જીતી જશે."

આ આગાહી સંપૂર્ણ સાચી પડી. એક વર્ષ પૂરું થતાં જ શ્રી યોગેશ્વરજીએ નોકરીમાંથી રાજીનામું આપી દીધું.

પાછળથી ટ્રસ્ટીઓ ધર્મશાળાનો કેસ જીતી ગયા.

શ્રી યોગેશ્વરજીએ પણ ઋષિકેશથી ઉપરના ભાગમાં આવેલ દેવપ્રયાગમાં–પર્વતના ઢોળાવ પરની એક શાન્ત જગામાં સાધના માટે રહેવાનું નક્કી કર્યું. આ સ્થળમાં આંબાનાં વૃક્ષોની ઘટા વચ્ચે એક કુટિયા હતી. પાસે શાન્તા નામની નાની નદી વહી જતી. આથી સ્થળનું નામ પણ શાન્તાશ્રમ રાખ્યું.

પ્રકૃતિ સૌંદર્યથી સભર, ને માનવ વસ્તીથી દૂર આવેલું આ સ્થળ દિવસે તો ગમે તેવું હતું. પરંતુ રાત્રે આસપાસના નિતાંત એકાંતમાં, અહીં રહેવું ખરેખર મુશ્કેલ લાગે તેવું હતું. ઈશ્વર ઉપરની અતૂટ શ્રદ્ધા સિવાય, અહીં રહેવાની કોઇ માણસ હિમ્મત કરે તેમ ન હતું, આ પ્રદેશના પહાડી લોકો પણ અંધારામાં અહીં આવતા ડરતા. કારણ કે આ વિસ્તારમાં ઉનાળામાં વહેલી સવારે રીંછો ઉતરી આવતાં. પહાડી લોકો પણ આ રીંછોથી ખૂબ ડરતા.

( ક્રમશઃ )



### પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં

## ધ્યાન–સાધના શિબિર

### તા. ૧૭ માર્ચથી ૨૧ માર્ચ ૯૧

આ વર્ષે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં ચૈત્રી એકમથી પાંચમ સુધી (ચૈત્રી નવરાત્રિ દરમ્યાન) એટલે તા. ૧૭ માર્ચથી ૨૧ માર્ચ ૧૯૯૧ સુધી એમ પાંચ દિવસની ધ્યાન સાધના શિબિર અંબાજી ખાતે સ્વર્ગારોહણ તીર્થમાં રાખવામાં આવી છે.

જે સાધક ભાઇ–બહેનો આ શિબિરમાં જોડવા માગતા હોય તેઓએ સીધાં તેઓનાં નામ, સરનામું, ઉમ્મર ને વ્યવસાયની વિગતો સાથે તા. ૧–૩–૯૧ સુધીમાં લખી જણાવવું.

કેન્દ્રોવાળા ભાઇઓ પોતાને ત્યાંના ભાઇબહેનોનાં નામો એક સાથે ભેગાં કરી મોકલાવે.

શિબિરાર્થીએ પોતાની સાથે શેત્રંજી ને ઓઢવાનું તથા બેટરી વગેરે લાવવાં. તે ઉપરાંત આસન, માળા, સરલ ગીતા, વિષ્ણુ સહસ્ર, શિવમહિમ્ન, પ્રેરક પ્રાર્થના ને તુલસીદળનાં પુસ્તકો તથા ટપાલો પણ લાવવાં.

શિબિરાર્થીને એક ટંક ફળાહાર ને સાંજે સાદુભોજન આપવામાં આવશે. રહેવા–જમવાનો ખર્ચ સાધકે સ્થળ ઉપર આપવાનો રહેશે. શિબિરમાં જોડાવા માટે નીચેના સરનામે લખવું:–મેનેજરશ્રી, સ્વર્ગારોહણ, માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ, દાંતા રોડ, અંબાજી, જિ. બનાસકાંઠા, ૩૮૫૧૧૦.

## "નયા ગુજરાત"ના નિર્માણની વિકાસયાત્રા

મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલની ગતિશીલ રાહબરી હેઠળ ગુજરાતની પ્રજાના આગવા ખમીર, આત્મવિશ્વાસ અને સહયોગ સાથે રાજ્યશાસને સમાજના વિવિધ વર્ગોના સર્વાંગી ઉત્કર્ષ માટે લીધેલાં પ્રગતિનાં નક્કર પગલાં.

* નવી ઔદ્યોગિક નીતિ–પછાત અને ઉદ્યોગોથી વંચિત ૧૪૦ તાલુકાઓમાં રોજગારલક્ષી ઉદ્યોગો સ્થાપવા માટે ખાસ પ્રોત્સાહનો.

* બેરોજગારોને રોજગારી પૂરી પાડવા માટે રાજ્યની નવી રોજગાર નીતિ અન્વયે આઠમી યોજના દરમ્યાન ૧૦ લાખ યુવાનોને રોજગારી આપવા આયોજનનો અમલ.

* બંધ મિલો તથા માંદા ઔદ્યોગિક એકમોને પુનઃ કાર્યાન્વિત કરવા નક્કર પ્રયાસો. બેરોજગાર કારીગરોને વૈકલ્પિક રોજગારી માટે અપાતી વિવિધ તાલીમ.

* ખેડૂતોને રૂા. ૧૦,૦૦૦ સુધી કૃષિ અને ગ્રામ દેવામાં રાહત.

* ઉનાળુ મગફળીના વાવેતરને ઉત્તેજન આપવા ખેડૂતોને એકર દીઠ રૂા. ૨૦૦ ની સહાય તથા સિંચાઈ માટે રાહત.

* રાજ્યના માર્ગ વિકાસ માટે આઠમી યોજનાને અંતે ૩,૭૦૭ ગામોને પાકા માર્ગોથી સાંકળી લેવા માટે રૂા. ૩૨૭ કરોડની યોજના.

* ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી માટે નો–સોર્સ ગામો પૈકીના ૬૫૦ ગામોને આગામી ઉનાળામાં પાણી આપવા આયોજન. પીવાના પાણીની મુશ્કેલીવાળાં ૯૦૦ ઉપરાંત ગામોની પાણી પુરવઠા યોજનાઓ માટે રૂા. ૩૫ કરોડના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનો અમલ.

માહિતી/વપન/૯૧–૨૧–૧૬–૬, તા. ૨૯–૧–૯૧




## પ્રકાશના પંથે–પુસ્તક વાંચન અંગે સ્પર્ધાઓ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા પ્રકાશના પંથે પુસ્તકનાં પ્રથમ ૧૨ પ્રકરણો (૧૦૦ પાનાં) અંગે લેખિત સ્પર્ધાઓ શિબિરના દિવસો દરમ્યાન (૧૭ માર્ચથી ૨૧ માર્ચ દરમ્યાન) અંબાજી ખાતે યોજવાનું શિબિરના આયોજકોએ (સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ) વિચાર્યું છે. આ માટે ત્રણ વિભાગો રહેશે. પ્રથમ વિભાગમાં, ૮ થી ૧૨ વર્ષના, બીજા વિભાગમાં ૧૨ થી ઉપરના અને ૨૦ વર્ષ સુધીના તેમ જ ત્રીજા વિભાગમાં ૨૦ થી ઉપરના અને ૩૫ વર્ષની વય સુધીના ભાગ લઇ શકશે. પ્રથમ બે વિભાગમાં લેખિત પ્રશ્નોત્તરીઓ હશે અને ત્રીજા વિભાગમાં મૌખિક પ્રશ્નોત્તરી રહેશે. દરેક વિભાગમાં પહેલા ત્રણને ઇનામો આપવામાં આવશે. સ્પર્ધકોએ પોતાના નામ, સરનામા, ઉમ્મર વગેરે સાથે અરજી પત્ર, નીચેના સરનામે મોકલાવી આપવું:–

મેનેજર શ્રી,<br>
સ્વર્ગારોહણ, માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ<br>
દાંતા રોડ, અંબાજી–૩૮૫૧૧૦

ગુજરાતી ભાષા ન જાણનાર બાળકો પ્રકાશ પથકા યાત્રી-(હિન્દી)ના આધારે ૧૦ પ્રકરણો સ્પર્ધા માટે તૈયાર કરે.

તંત્રી

* * *

## તમારા તરફ
( ગઝલ )

લંબાવ્યો છે હાથ આ વિશ્વાસનો તમારા તરફ.
જો જો તરછોડાય નહીં, કોમલ ઉર ઘવાય નહીં.
જાણ્યું તમે સાગર છો પણ ખારાશ જરાયે નથી.
નદીઓ ધસમસ દોડતી એકરૂપ થવા બધી.
આકાશના પોલાણ જેવું હૈયું તમારું છે બધું.
ત્યાં ભેદની દીવાલનું અસ્તિત્વ શાને હોઇ શકે?
સાદ દે કોઇ પ્રેમનો તો શું પ્રતિસાદ ઘૃણાનો મળે?
દુનિયા ભલે બદલાઇ જતી તમે શાના બદલાઇ શકો?
વિશ્વાસ મેઘાનો એવો એ ભંગ શાને થઇ શકે?

કમલ સુથાર

* * *

### જીવન ઘડતર માટે પ. પૂજ્ય શ્રી યોગેશ્વરીજીનાં પુસ્તકોનું મહત્ત્વ

(૧) પુસ્તક વિનાનો ઓરડો આત્મા વિનાનાં શરીર સમાન છે.
(૨) બાળકોનાં સંસ્કારનું ઘડતર ઉત્તમ પુસ્તકોથી થશે.
(૩) પુસ્તકો અંતઃકરણને ઉજ્જ્વળ કરે છે.
(૪) શુભેચ્છા દર્શાવવા પુસ્તક જેવી વધુ સારી બીજી કોઇ ભેટ નથી.
(૫) ઉત્તમ પુસ્તકો કાયમ મિત્ર સમાન છે.
(૬) પુસ્તક બદલાની આશા સિવાય મૌન સેવકની જેમ સહાય-સાથ આપે છે.
(૭) સારા પુસ્તકો સદ્‌ગુણ અને સત્ત્વની ઔષધકુપી છે.
(૮) ઉત્તમ સાહિત્યનો સહવાસ આપે ચારિત્ર્યની સુવાસ.

(પુસ્તકનાં સૂચિપત્રમાંથી)

સંકલન : બાલમુકુન્દ શ્રોફ-મોરબી



## ગુરુ-શરણું
(રાગ : લાગી લગની માજી રે તારા નામની રે)

મેં તો શરણું લીધું ગુરુજી આપનું રે,
હું તો લળી લળી લાગું પાય. મેં તો૦

મારા જન્મ-મરણના ફેરા ટાળજો રે,
મને દેજો ભક્તિનાં દાન. મેં તો૦

મને મુક્તિનો માર્ગ બતાવજો રે,
જેથી કાયાનું થાય કલ્યાણ. મેં તો૦

મેં તો નાવ સોંપ્યું ગુરુજી આપને રે,
આવો, નૈયાના તારણહાર. મેં તો૦

મારા સગાં સહોદર ગુરુ આપ છો રે,
મારે બીજો નથી આધાર. મેં તો૦

હું તો ત્રિવિધના તાપે તપી રહ્યો રે,
કરો અમીની વૃષ્ટિ ગુરુદેવ. મેં તો૦

ગુરુ યોગેશ્વરજી તમને વિનવું રે,
મારી નૈયા ઉતારો ભવપાર. મેં તો૦

એમ. વી. રામાનુજ

## અગમ ગતિ!

આ કેવી જગતની અગમ ગતિ!
કો'ક કહે કે ઊંચે ચઢતું,
કો'ક કહે કે નીચે પડતું:
લાગે મને ભમતું–આખડતું!
કેવી હશે એની નિયતિ?
આ કેવી જગતની અગમ ગતિ!

ઘડીકમાં એ લાગે પ્યારું,
અવર ક્ષણે એ થાતું ખારું,
રતિ–વિરતિના રંગે ન્યારું,
અસલ ભાત ના થતી છતી
આ કેવી જગતની અગમ ગતિ!

હશે? ન હશે! એનો ઘડનારો?
સર્જક – પોષક – સંહરનારો:
વિરાટ ચક્ર ચલાવનહારો,
માનવની ઘૂમરાતી મતિ!
કેવી હશે અંતિમ નિયતિ?
આ કેવી જગતની અગમ ગતિ!

ડૉ. રણજિત પટેલ (અનામી)



# શ્રીમદ્ભાગવતમાંથી આટલું જાણો-૪

પ્રા. જનાર્દનભાઈ દવે

* ભાગવતજીમાં શ્રી ભગવાનનાં ચરણોનાં ચિહ્નો તૃતીયસ્કંધ અને દશમસ્કંધમાં બતાવ્યાં છે. પરંતુ તેમાં અધિક સ્પષ્ટતા ભાગવતજીના આચાર્ય ભાષ્યકારોએ કરી છે. જમણાં ચરણમાં (૧) વજ્ર (૨) ધ્વજ (૩) અંકુશ (૪) કળશ (૫) સ્વસ્તિક (૬) અષ્ટકોણ (૭) યવ (૮) ઊર્ધ્વરેખા (૯) કળશ એમ નવ ચિહ્ન છે. જ્યારે વામ ચરણમાં (૧) ગાયની ખરી (૨) જાંબુ (૩) મત્સ્ય (૪) ધનુષ (૫) ત્રિકોણ (૬) અર્ધચંદ્ર (૭) આકાશ એમ સાત ચિહ્નો છે. બંને મળીને ૧૬ ચિહ્નો ભગવાનને ષોડશકલ પરમાત્મા સિદ્ધ કરે છે.

શ્રી ભગવાનનાં પીતાંબરનાં ભાગવતજીમાં ત્રણ ઉપમાનો છે.

(૧) રવિકર ગૌર વરાંબર અર્થાત્ સૂર્યકિરણો સમાન ઉજ્જ્વળ.
(૨) કદંબ કિંજલ્ક પિશંગવાસમ્ અર્થાત્ કદંબના કેસર સમાન અથવા કેસરવર્ણા કમળ સમું.
(૩) તડિત્ અંબર–અર્થાત્ વિદ્યુત સમાન ઝળહળતું.

ભાગવતજીના આચાર્ય ભાષ્યકારોએ ત્રણેના અર્થ વિશિષ્ટ રીતે કર્યાં છે. ભીષ્મપિતામહને અંતકાળે પરમાત્માનાં પરબ્રહ્મરૂપનું જ્ઞાન થાય છે તેથી સૂર્યનાં કિરણો અંધકારને હરે તેવું ભગવાનનું બ્રહ્મવિદ્યાત્મક પીતાંબર હોવાથી ભીષ્મપિતામહ વિદ્યૂતભેદ મોહ–દ્વૈતબુદ્ધિ અને મોહથી પર થયા છે માટે ત્યાં સૂર્યકિરણો સમું પીતાંબર બતાવ્યું છે.

શ્રી શુકદેવજીએ દ્વિતીય સ્કંધમાં સૂક્ષ્મધારણા વર્ણવતાં ભગવાનનાં પીતાંબરને કદંબના કેસર સમું પીળું બતાવ્યું છે. શ્રીશુકદેવજી પહેલાં નિર્ગુણબ્રહ્મના ઉપાસક હતા પણ શ્રીકૃષ્ણ ભગવાનનાં આકર્ષણથી તેમના ભક્ત બન્યા છે. એટલે અહીં નિકુંજ લીલાના સ્વરૂપ પીતાંબરનો ભાવ હોવાથી ભગવાનને પ્રિય કદંબના કેસર સમાન એવું વિશેષણ આપ્યું છે.

બ્રહ્માજીને શ્રીકૃષ્ણ પરમાત્મા હશે કે નહિ હોય એવી શંકા થતાં મોહિત થઇ પરીક્ષા લેવા ગયા–પછી પસ્તાયા. તેથી તેમણે કરેલ સ્તુતિમાં વિદ્યુત સમાન ઝળહળતું એમ વિશેષણ પ્રયોજ્યું છે.–વિદ્યુત થાય ક્ષણવાર પણ આંખ આંજી દે અને તેના ક્ષણિક પ્રકાશમાં બીજું બધું ઢંકાઇ જાય તેમ અહીં મોહાત્મક–માયાત્મક પીતાંબર છે. આ પીતાંબર માયાત્મક હોઇ તેને જોવામાં ફસાઇ જનાર ખુદ ભગવાનને ભૂલી જાય છે. આ રીતે જ્ઞાનાત્મક, રસાત્મક અને માયાત્મક ત્રણ રીતે પીતાંબર વર્ણવ્યાં છે.

* સનકાદિ ઋષિઓએ વૈકુંઠધામમાં શ્રીવિષ્ણુ ભગવાનના બે જય અને વિજય પાર્ષદોને શાપ આપતાં તેમને બન્નેને ત્રણવાર રાક્ષસયોનિમાં જન્મ લેવો પડયો. પણ ભગવાનને તેમને મુક્ત કરવા ચાર અવતાર લેવા પડયા.

રાવણ કુંભકર્ણ એટલે કામ અને પ્રમાદ. તેમને ધર્મની મર્યાદા પાળનારા રામાવતાર વડે હણ્યા અને બતાવ્યું ધર્મમર્યાદા પાળે તે કામ અને પ્રમાદને જીતી શકે. શિશુપાલ દંતવક્ત્રને એક કૃષ્ણાવતાર લઇ માર્યા. ઈર્ષ્યા અને મત્સરને યોગેશ્વર બની હણી શકાય. પણ હિરણ્યાક્ષ લોભને મારવા વરાહ અને અહંકારરૂપી હિરણ્યકશિપુને મારવા નૃસિંહ બે અવતાર લેવા પડયા. લોભ અને અહંકાર જીતવા વધુ મુશ્કેલ છે એમ દર્શાવ્યું.



# સદ્ભાવભરી સહાયનો પુનિત પ્રવાહ

પ. પૂ. ગુરુદેવ અને મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી અધ્યાત્મની સહાયનો પુનિત પ્રવાહ ચાલ્યાં કરે છે. આ બંને સંત વ્યક્તિઓના કારણે જ અધ્યાત્મ–જે થોડા સાધકોના હૃદયમાં સ્થાન પામ્યું છે, તેઓની સ્વૈચ્છિક સહાયથી તે ચાલતું રહી શક્યું છે. તે સહુ ખરે જ અભિનંદનના અધિકારી છે. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે મુજબ છેઃ–

રૂા.

૨૫ પ્રો. શશિકાન્ત કોન્ટ્રેક્ટર, વલસાડ.

૧૧ શ્રી ચંદ્રકાન્તભાઇ પંડયા, રાજકોટ.

૧૫ શ્રી વ્રજલાલ ચતુરલાલ ગોહેલ, ધોળકા.

૨૦ શ્રી ધીરજલાલ શાહ, મુંબઇ.

૧૦૧ શ્રી કૃપા (નેહલ) રાજેન્દ્ર જાની, ભાવનગર–એસ. એસ. સી.માં પ્રથમ વર્ગમાં પાસ થતાં.

૧૧ શ્રી માણેકબેન વિ. નાગર, મોરબી.

૫૧ બેરીસ્ટર શ્રી મોહનલાલ વ્યાસ, મુંબઇ.

૧૦૧ શ્રી મીનાબેન પ્રકાશભાઇ કોટેચા, વડોદરા–નવા ફ્લેટના વાસ્તુપૂજન નિમિત્તે.

૫૧ શ્રી અશ્વિનભાઇ ટેલર, વડોદરા–માનતા પૂરી થતાં.

૫૧ શ્રી હિમ્મતલાલ મોતીલાલ મહેતા, ગોરેગાંવ–પુત્રના વેવિશાળ નિમિત્તે.

૧૦૧ શ્રી અમીષા જગદીશભાઇ ઠાકર, બોરીવલી–જન્મદિન નિમિત્તે.

૨૫ ગં. સ્વ. આનંદીબેન પ્રહ્લાદભાઇ પંડયા, મુંબઇ–પુત્ર અને પરિવારના સભ્યો અકસ્માત્‌માંથી ઉગરી જતાં.

૧૭૦ શ્રી કિશોર વી. લાલુ, અમેરિકા.

૧૦૦ શ્રી સન્મુખભાઇ મથુરભાઇ ભક્ત, ધામણ–શ્રી અનિલના લગ્ન નિમિત્તે.

૨૫ શ્રી વિમળાબેન ઉપાધ્યાય, ભાવનગર.

૧૧ હા. શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલ, ભાવનગર.

૨૫ શ્રી ચીમનભાઇ મહેતા, સુરત.

૧૦૧ શ્રી પ્રવીણભાઇ ભાવસાર, વડોદરા.

૧૨૫ વડોદરાનાં એક સાધક બેન તરફથી.

૫૧ શ્રી ભાવેશ ઘનશ્યામભાઇ, ભાવનગર–જન્મદિન નિમિત્તે.

૫૧ શ્રી ભાવેશ અને એમનાં ધર્મપત્ની પૂ. માને પ્રથમવાર વંદન કરવા નિમિત્તે.

૧૦૧ શ્રી યોગ કન્સ્ટ્રક્શન, વડોદરા.

૫૧ શ્રી કે. ડી. પટેલ હૈદ્રાબાદ–તરફથી પુત્ર રોહન સ્કૂલમાં દાખલ થતાં તેમ જ,

૫૧ શ્રી બિટ્ટુના જન્મદિન નિમિત્તે.

૫૧ શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલ, ભાવનગર–તરફથી પુત્ર આશીષ પ્રોડક્શન એન્જી.માં પ્રથમ વર્ગમાં પાસ થતાં.

૧૦૧ શ્રી રમેશભાઇ ઠાકર, હરદ્વાર–પુત્રીનો જન્મ થતાં.



# ગંગાનું પાણી પવિત્ર શા માટે?

મૂળ લેખક : ફ્રાન્સીસ અસ્સીસી

અનુવાદક : નારાયણ હ. જાની

### વૈજ્ઞાનિકોને મૂંઝવતો પ્રશ્ન

સામાન્ય પાણીમાં ઉછરતાં મેલેરિયા જેવા રોગોના જંતુઓ સંબંધે સંશોધન કરતા વિજ્ઞાનિકો એ નિરીક્ષણથી મૂંઝવણમાં મૂકાઇ ગયા છે કે મેલેરિયા ફેલાવતા અને ગંદા પાણીમાં વૃદ્ધિ પામતા મચ્છરો હિંદુઓ જેને ખૂબ જ પવિત્ર ગણે છે તે ગંગા નદીના પાણીમાં ગમે તે કારણસર ઉછરી શકતા નથી. ન્યુ દિલ્હીના મેલેરિયા સંશોધન કેન્દ્રના સંશોધકોએ જાહેર કર્યું છે કે ગંગા નદીના ઉપરના વિસ્તારોના વહેણના પાણીમાં અગર તો જે પાણીમાં એ ભેળવવામાં આવ્યું હોય તેમાં મેલેરિયાના મચ્છરો ઉછરી શકતા નથી.

આ વાત ડો. વી. પી. શર્મા–ડાયરેક્ટર ઓફ મેલેરિયા રીસર્ચ સેન્ટર, ન્યુ દિલ્હીએ કહી છે. "આમ કેમ બને છે તેનું ચોક્કસ કારણ અમે શોધી શક્યા નથી. આમ છતાં જે હકીકતો અમે સંકલિત કરી છે તેમણે અમને ભૂલાવામાં નાંખી દીધા છે." તેઓ વિશેષમાં ઉમેરે છે કે આનાથી સદીઓ જૂની ગંગાજળની પવિત્રતાની સ્વચ્છતાની પ્રચલિત માન્યતાને પુષ્ટિ મળે છે, એટલું જ નહિ, પરંતુ મેલેરિયા નિયંત્રણની પદ્ધતિઓના વિકાસ માટે ખૂબ જ કિંમતી એવી સામગ્રી પ્રાપ્ત થઇ છે.

મચ્છરોના ઉછેરની મોજણી અંગેનો કાર્યક્રમ ૧૯૮૯ ના અંતમાં ગંગાના તેમ જ યમુનાના કાંઠા ઉપરના જુદાં જુદાં

દિલ્હી પાસેના ગામોમાં હાથ ધરવામાં આવેલ. વિજ્ઞાનીઓએ મયૂર કોલોનીમાં પાણી પૂરવઠો પૂરી પાડતી ટાંકીઓના પાણીની પણ ચકાસણી કરેલ. આ ટાંકીઓમાં ગંગા અને યમુનાના ભેગાં પાણી પાતાળ કુવાઓમાં આવે છે. તેઓમાં મચ્છરોનાં ઇંડા કે જીવાત જોવામાં આવ્યાં ન હતાં, જ્યારે માત્ર યમુનાના કે પાતાળ કુવાઓના પાણીથી ભરાતી ટાંકીઓમાં મચ્છરોનો ઉછેર થતો માલુમ પડ્યો હતો.

અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે સિંધુ અને ગંગાના પટ્ટાના વિસ્તારમાં ગંગાનું પાણી મેલેરિયા કે ફાઇલેરિયા જેવા રોગોના વધુ પડતા ફેલાવા માટે કારણરૂપ છે.

**સ્વચ્છ પાણી**

બ્રિટિશ રાજના સમયમાં, ડૉ. સી. ઇ. નેલસન નામના એક અંગ્રેજ ફીઝીશિયને નિરીક્ષણ કરેલું કે કલકત્તાથી ઉપડતાં બ્રિટિશ વહાણો કે સ્ટીમરો તેઓનો પાણીનો પૂરવઠો હુબલી નદીમાંથી (ગંગાનું પશ્ચિમ બંગાળનું નામ) ભરતાં અને તે પાણી છેક ઇંગ્લેંડ પહોંચતાં સુધી તાજુ જ રહેતું, જ્યારે બીજી બાજુ ઇંગ્લેન્ડથી ભારત આવતાં જે પાણી ભરીને આવતાં તે મુંબઇ પહોંચતાં સુધી જ તાજુ ન રહેતું. જો કે મુંબઇ સુધીની સફર કલકત્તા કરતાં એક અઠવાડિયું ઓછી રહેતી. આમ ભારત આવતાં વહાણોને રસ્તામાં લાલ સમુદ્રના કાંઠે આવેલ પોર્ટ સૈયદ કે એડનથી પાણીનો પૂરવઠો લેવો પડતો.

ડૉ. ડી. હીરેલે નામના એક ફ્રેંચ વિજ્ઞાનીકને ગંગાના પાણીના રહસ્ય અંગે આવું જ સંશોધન માલુમ પડેલું. એણે ગંગાના પ્રવાહમાં મરડા અને કોલેરાગ્રસ્ત લોકોનાં મડદાં જોયેલાં,



અને તે તરતાં મડદાના થોડી ફીટ નીચે જ્યાં સામાન્ય રીતે લાખો આવાં રોગોનાં જંતુઓ માલુમ પડવાં જોઇએ ત્યાં, એના આશ્ચર્ય વચ્ચે આવું એક પણ જંતુ ન હતું.

તે પછી તેણે આવા રોગગ્રસ્ત દર્દીના શરીરમાંથી જંતુઓ લઇ તેમનો ઉછેર કર્યો. અને આવા ઉછેરવાળા પાણીમાં ગંગાનું પાણી ઉમેર્યું. પછી આ મિશ્રણનો ઉપયોગ થોડા સમય માટે આવા જંતુઓના ઉછેર માટે કર્યો તો તેના આશ્ચર્ય વચ્ચે માલુમ પડયું કે એમાં ઉછરવા માટે નાંખેલ સર્વે જંતુઓનો સંપૂર્ણ નાશ થઇ ગયેલો !

કેનેડાની મેગીલ (Megill) યુનિવર્સિટીના ડૉ. એફ. સી. હરીસને પણ એ હકીકતને પુષ્ટિ આપેલી કે ગંગાના પાણીમાં કોઇ રોગગ્રસ્ત જંતુઓ ઉછરી શકતાં નથી. એને એક વિશેષ પ્રકારના સત્યની પ્રતીતિ થઇ કે માત્ર ત્રણથી ચાર કલાક જેટલા ટૂંકા સમયમાં જ, કોલેરાના આ જંતુઓ કયા કારણસર નાશ પામી જાય છે, તેનું સંતોષજનક કારણ જાણી શકાયું નથી. અસંખ્ય મડદાં અને તેમાંય ઘણીવાર કોલેરાગ્રસ્ત માણસોનો કચરો, તેમ જ હજારો હિંદુઓના સ્નાનને લીધે થતાં પ્રદૂષણ છતાં હિંદુઓની એ આશ્ચર્યકારક માન્યતા છે કે ગંગાનું પાણી પવિત્ર અને સ્વચ્છ છે, તેમ જ તેને અપવિત્ર કે ગંદુ કરી શકાતું નથી. તેનું પાન અને સ્નાન સહીસલામત રીતે કરી શકાય છે. આ બધી માન્યતા-ઓની આધુનિક જંતુવિજ્ઞાનની દૃષ્ટિએ ચકાસણી કરવી જોઇએ.

**ત્રણ કારણો**

હવે ગંગાના પાણીની આ શક્તિ અંગે વૈજ્ઞાનિકો ત્રણ સંભવિત કારણોનો સ્વીકાર કરવા સંમત થયા છે. આ કારણો

અનુક્રમે આ મુજબ છેઃ–(૧) કુદરતી રીતે રેડિયો એક્ટીવ એવાં ખનીજોની ઉપસ્થિતિ, (૨) જંતુઓનું ભક્ષણ કરી જાય એવા તત્ત્વોની હાજરી તેમ જ (૩) ભારે ધાતુઓનાં રસાયણો. નદીના પ્રવાહના તળમાં આ ત્રણે તત્ત્વોની હાજરીથી રોગોનાં સૂક્ષ્મ-જંતુઓનો નાશ થઇ જાય છે.

રેડિયો–એક્ટીવ પદાર્થોની સૂક્ષ્મ જંતુઓનો નાશ કરી નાંખવાની શક્તિ હવે પ્રસ્થાપિત થઇ ચૂકી છે. કિરણોત્સર્ગ પદાર્થનું થોડું સરખું પ્રમાણ પણ જો પાણીમાં દાખલ કરવામાં આવે તો તે તેમાં રહેલાં સૂક્ષ્મ જંતુઓનો સંપૂર્ણ નાશ કરી નાંખે છે. કયી રીતે આ જંતુઓનો નાશ આ પદ્ધતિથી થઇ જાય છે તે પણ હવે સુવિદિત થઇ ગયું છે. તેઓ સૂક્ષ્મ જંતુઓના કણોના બહારના ભાગમાં પોતાની મેળે ચોંટી જાય છે. પછી આ સૂક્ષ્મ કણોના બહારના કોટલાને વીંધીને તેનો નાશ કરી નાંખે છે. ભારે ધાતુ ખનીજોમાં પણ સૂક્ષ્મ જંતુઓનો નાશ કરવાની ક્ષમતા રહેલી છે. લોખંડ, તાંબુ, ક્રોમિયમ, નીકલ અને રૂપા જેવી ધાતુઓ સૂક્ષ્મ જંતુઓની ગતિશીલતાને નષ્ટ કરવાના ગુણો ધરાવે છે.

ઉત્તરપ્રદેશની રૂરકી યુનિવર્સિટીમાં કાર્ય કરતા વિજ્ઞાનીઓએ ગંગાના પાણીમાં સૂક્ષ્મ રોગકારક જંતુઓને નષ્ટ કરવાની શક્તિ અંગે પ્રયોગો કરેલા છે. તેઓએ હિમાલયની તળેટીના પ્રદેશના ઋષિકેશમાંથી ગંગાના પાણીના નમૂના લીધા અને મોટા પાયા ઉપર પ્રયોગો કર્યાં. તેઓએ ગંગાના પ્રવાહના વહેણના તળિયામાં જામેલા કચરાના નમૂનાઓનો પણ અભ્યાસ કર્યો. ગંગા સિવાય-ના બીજા સ્રોતોમાંથી પણ પાણીના આવા નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા અને તેઓ ઉપર ગંગાના પાણી જેવા જ પ્રયોગો કરી તેમની તુલના કરવામાં આવી.



આ પરિણામો ખરેખર આશ્ચર્યજનક હતાં. એવું માલુમ પડયું કે ગંગાના પાણીમાં પહેલા અને બીજા દિવસે સૂક્ષ્મ જંતુઓ ઝડપથી વધી ગયાં, પરંતુ ત્રીજા દિવસ પછીથી આ સૂક્ષ્મ જીવાણુઓની સંખ્યા ઝડપથી ઘટવા માંડી. છઠ્ઠા દિવસે લગભગ ૯૦ ટકા જીવાણુઓનો નાશ થઇ ગયો. જ્યારે આઠમા દિવસે આ પાણી સદંતર સૂક્ષ્મ જીવાણુરહિત ચોક્ખું બની ગયું. ત્યારે બીજા સામાન્ય પાણીના નમૂનાઓની ચકાસણી કરતાં જણાયું તેમાં પહેલા બે દિવસોમાં જ સૂક્ષ્મ જીવાણુઓની સંખ્યા ચારથી પાંચ ગણી વધી ગઇ. અને પંદર દિવસ પછી પણ તેમાં જીવાણુઓ માલુમ પડયા.

ક્ષકિરણોની મદદથી ગંગાના પાણીના કરવામાં આવેલ પૃથક્કરણોએ એ દર્શાવ્યું છે કે તેમાં ઘણાં અલ્પ પ્રમાણમાં બીસમથ (Bismuth-214) છે. આ બીસમથ એ યુરેનિયમ–૨૮૮ નો એક કિરણોત્સર્ગ વિનાશક ઘટક છે. આ ગંગાના પાણીને ખાસ પ્રકારની ગરણીઓમાં પસાર કરવામાં આવતાં અને જંતુઓ ઉપર થતી એની અસરનો અભ્યાસ કરવામાં આવ્યો. તો જણાયું કે તે જંતુઓ કે સૂક્ષ્મ જીવાણુઓ (germs and Bactaria) ઉપર ખૂબ અસરકારક માલુમ પડયું. વળી નદીના તળમાંથી લેવામાં આવેલ નમૂનાઓથી એ સાબિત થયું કે તેઓ પણ ૧૪ દિવસ સુધી સૂક્ષ્મ જીવાણુઓનો નાશ કરરાની ક્ષમતા ધરાવે છે.

સંશોધનની આ બધી પદ્ધતિઓએ એક નિર્ણયની જ પુષ્ટિ કરી છે. એથી બીન વિવાદાસ્પદ રીતે સાબિત થયું છે કે ગંગાના ઉપરના ભાગોના પાણીમાં (એટલે કે ગંગા નદી–સિંધુ ગંગાના

સપાટ ગીચ વસ્તીવાળા મેદાની પ્રદેશમાં પ્રવેશે તે પહેલાંના ભાગમાં) સૂક્ષ્મ જીવાતને મારી નાંખવાની અને અનિશ્ચિત સમય મર્યાદા સુધી સ્વચ્છ રહેવાની ક્ષમતા છે.

આમ છતાં, ઉત્તરપ્રદેશના સપાટ વસ્તીવાળા પ્રદેશોમાં ગંગા નદી પ્રવેશે છે પછી પરિસ્થિતિ બદલાઇ જાય છે. જેમ જેમ વસ્તીની ગીચતા વધતી જાય છે તેમ તેમ ગંગાના પાણીની શુદ્ધતા ઘટતી જાય છે અને કાશી સુધી પહોંચતાં તે ઘણી નીચી કક્ષાએ ઉતરી જાય છે. ઇન્ડીઅન મેડિકલ એસોશીયનના માજી ઉપ-પ્રમુખ ડૉ. ભાનુશંકર મહેતાએ કહ્યું છે કે મૂળ ગંગાના પાણીનો મોટો ભાગ તો હરિદ્વારથી નહેરોમાં વાળી લેવામાં આવે છે, જ્યારે બહુ જૂજ પ્રવાહ જ નદીના તળમાં વહેતો રહે છે તે પછી ગંગામાં યમુના, રામગંગા અને બીજી નાની નદીઓનાં પ્રવાહો ભળે છે. વળી કાંઠા ઉપરના શહેરોના ઉદ્યોગો અને વસ્તીનો વિપુલ કચરાળાળો જથ્થો અમાં ઠલવાતો રહે છે. પછી એ પાણીની શુદ્ધતા ક્યાંથી જળવાય?

**નોંધઃ**—આ ઉપરથી જોઇ શકાશે કે જે કોઇ શ્રદ્ધાળુ ભાઇ બહેનો ગંગાજળને પોતાના ઘરમાં સાચવવા માટે સંઘરતાં હોય, તેઓએ હરિદ્વાર, ઋષિકેશ કે ઉપરના ગંગાના પ્રવાહમાંથી મેળવેલા પાણીનો જ સંગ્રહ કરવો હિતાવહ છે. ધાર્મિક ગ્રંથોમાં મહિમા ગવાયો છે તે આ હિમાલયનાં પ્રદેશમાં વહેતી ગંગાનો વિશેષ કરી છે. કાનપુર ખાતેનાં ચામડાંના મોટાં મોટાં કારખાનાં જે ઢગલાંબંધ દુર્ગંધ મારતો કચરો ગંગામાં રોજબ-રોજ ઠાલવે છે ને કાંઠા ઉપરનાં મોટાં શહેરોની ગટરોનો મળમૂત્રનો વિપુલ જથ્થો જે રીતે આજે ગંગામાં દિનપ્રતિદિન પ્રવાહિત કરવામાં



આવે છે, તે ગંગા-ઉગમ સ્થાને ગમે તેટલી પવિત્ર હોય, તોપણ તેને પવિત્ર કે સ્વચ્છ રહેવા દે એમ નથી. આ આજના ભારતની કમનસીબી છે. ગંગા તેના મૂળસ્વરૂપમાં હરિદ્વાર સુધી જ છે.

**ખાસ નોંધઃ**—ગંગાના પાણી ઉપરનો આ લેખ મૂળ અંગ્રેજી ભાષામાં અમેરિકાના અખબાર India West ના ૯, માર્ચ ૯૦ ના અંકમાં (Francis Assisi) શ્રી ફ્રાન્સીસ અસ્સીસીએ લખેલ છે. તે અમોને અમેરિકાથી શ્રી છગનભાઇ ભૂલાભાઇ ભક્તે મોકલાવેલ છે. તેઓએ ગંગાજળનું પરિક્ષણ પોતાની લેબોરેટરીમાં પણ કર્યું છે. જેણે લેખની હકીકતોને પુષ્ટિ આપી છે. આજે પણ અમારા ઘરમાં ૬૦ વર્ષ જૂનું ગંગાજળ એવું જ સચવાયેલું છે.

તંત્રી

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુ:ખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. — નાથભગવાન્

IS : 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
**"સત્યવાન" તથા "ચંદન"**
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—

# કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

**ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨**

# શૂન્યતા–પરમ સ્વતંત્રતાનું દ્વાર

ભાઈલાલભાઈ છાટબાર

એક સૂફી બોધકથા છે :

કોઈક સોદાગર પાસે એક હિન્દુસ્તાની પંખી હતું. તેણે તેને પાંજરામાં રાખેલું. સોદાગરને ફરી એકવાર ભારત જવાનું થયું. તેણે પંખીને પૂછ્યું કે–તારા દેશમાંથી તારે માટે શું લેતો આવું?

પંખીએ કહ્યું–લાવવાનું તો કાંઇ નથી. ફક્ત દેશવાસી મારા જાતભાઈઓ પાસે જજો. ત્યાંના મારા બંધુપંખીઓને મારા હાલનો વૃત્તાંત કહેજો.

સોદાગરે તેમ કર્યું. પરંતુ જેવો તે બોલ્યો કે તરત જ જંગલના ઝાડ પરનું એક પંખી બેભાન થઇને જમીન પર ઢળી પડયું. મરતા પંખીને જોઇને સોદાગરને અફસોસ થયો કે મારે હાથે હત્યા થઇ ગઇ.

સોદાગર સ્વદેશ પાછો ફર્યો ત્યારે પંખીએ તેને પોતાના વતનની ખબર પૂછી.

સોદાગરે કહ્યું કે–બધું ઠીક છે પરંતુ એક સમાચાર જરા માઠા છે. તારી ખબર સાંભળતાં જ તારું કોઇ સ્વજન–પંખી નીચે પડીને મરી ગયું.

આ વાત સાંભળતાં જ સોદાગરનું પંખી પણ બેભાન થઇને પાંજરાને તળિયે ફસકાઇ પડયું. તે શૂન્યવત્ બની ગયું.

તે જોતાં સોદાગર આશ્ચર્યચકિત અને સ્તબ્ધ બની ગયો.



સોદાગરે ધાર્યું કે કોઇ પ્રિયજનના મોતની ખબર સાંભળીને આઘાતથી આ પણ મૃત્યુ પામ્યું છે.

સોદાગરે પંખીને પાંજરામાંથી બહાર કાઢી નાંખ્યું.

બહાર નીકળતાં જ પંખીએ પાંખ ફફડાવી અને સ્વતંત્ર આકાશમાં ઊડી ગયું.

* * *

પંખીને સ્વદેશમાંથી સ્વતંત્રતાની ચાવી મળી ગઇ હતી. વતનના બંધુપંખીનું આચરણ પ્રતીક–સંદેશા રૂપે હતું. સંદેશો સંકેત કરતો હતો કે–'શૂન્યતા' એ સ્વતંત્ર જીવનનું પ્રવેશદ્વાર છે–મૃતવત્ બની રહેવું એ જીવનનો મર્મ છે.

અસીમ આકાશમાં મુક્ત ઉડ્ડયન અને મુક્ત ગાન એ પરમ સ્વતંત્રતા છે.

પંખી પોતે શૂન્યવત્ બની જાય તો તેનું અનંત આકાશ સાથેનું મહામિલન શક્ય છે. 'શૂન્યતા' તે વિરાટ મહાશૂન્યતા–'અનંત'નું દ્વાર છે.

પાંજરાના પંખીને ઉપાય સૂઝી ગયો હતો. વતનથી આવેલ બંધનમુક્તિનો સંદેશો તે પામી ચૂક્યું હતું.

જીવન્ત પંખી માટે પાંજરું હોય છે–મૃત પંખીને માટે નહિ.

પંખી ખતમ થઇ જાય એટલે પાંજરું પણ ખતમ.

પાંજરામાં પૂરી રાખનારો સ્વયં પાંજરાને ખોલી નાંખે છે.

'શૂન્યવત્' બની જવાનો સંદેશો કારગત નીવડયો હતો.

* * *

આ પાંજરાના પંખીની કથા મનુષ્યની પરતંત્રતા–

સ્વતંત્રતાનો બોધ લઇ આવે છે.

માનવદેહનું પણ આ પંખી જેવું છે. દેહ માણસનું ઘર નથી–પીંજરું છે;–તેનું અસલી મુકામ નથી.

માણસનું દેહરૂપી માળખું પરદેશમાં કારાવાસમાં છે તેથી તે બેચેન રહે છે અને અજંપો સેવે છે.

અસલી મુકામની શોધ તે ધર્મ છે.

સંસાર એક પડાવ છે. કાયમી મુકામ નથી.

કોઇ મહાયાત્રા ચાલી રહી છે અને માણસ તેમાં વચ્ચે પડાવ નાંખીને પડયો છે.

માણસ પોતે જાણતો નથી કે પોતે દુનિયામાં અટવાઇ પડ્યો છે. તેનું શરીર હરેફરે છે;–પરંતુ આ પડાવ છે તો તેને માટે માત્ર વિશ્રામગૃહ કે અતિથિભવન.

* * *

માણસ પાસે કાંઇ નથી–માણસનું કાંઇ નથી કેમકે માનવ-દેહ તો માત્ર અસ્થાયી ભાડૂતી મકાન છે અને તે તેના કાયમી અસલી મુકામથી દૂર ફેંકાઇ ગયેલો છે.

સંગી–સાથી, મિત્ર–સ્નેહી, સ્વજન–આમજન, સગાં–સંબંધી–આ બધા સંબંધો સંસારમાં માત્ર એક કલ્પના છે. બધા સંબંધો બદલાતા રહે છે. નવાં નવાં સમીકરણો રચાય છે, જૂનાં સમીકરણોનો લોપ થઇ જાય છે.

માણસને મનમાં ડર રહે છે કે ક્યાંક લોકો તેને સદંતર ભૂલી ના જાય; તેથી તે દરેક હાલતમાં બહુ નહિ તો થોડાએક લોકોની નજરમાં રહ્યા કરે તેવી સદા કોશિશ કરતો રહે છે.



પોતાની ખબરઅંતર પૂછનાર કોઇ કોઇ નીકળી આવે તો માણસને પોતાની હસ્તીની કાંઇક કિંમત લાગ્યા કરે છે અને પોતાની આ દુન્યવી જીવનયાત્રામાં તે એકલતાનો અનુભવ કરતો નથી.

માણસને હૂંફ રહ્યા કરે છે કે દુનિયામાં તેનું હજી કોઇક છે. ખાલી આવી હૂંફનો આધાર પણ એકલદોકલ માણસના જીવનદીપમાં દિવેલ પૂર્યા કરતો હોય છે.

માણસ દુનિયામાં બેઘર હોવા છતાં પોતે માની લીધેલ નિજી સંબંધો, ઘર–સંપત્તિની માલિકીના ભ્રામક ખ્યાલમાં પોતાની શરીરયાત્રા પૂરી કરે છે.

* * *

માણસ પોતે જાગી જાય તો તેને ભાન થઇ જાય કે સંસારમાં બેઘર હોવું–અસ્થાયી મકાનમાં રહેવું એ વિધિનું વિધાન છે. અસલી નિજી મુકામથી ચિરવિયોગ એકમાત્ર–માણસની આંખ સામે–પ્રત્યક્ષ પરમ તથ્ય છે.

માણસની આંખ સામે દેખાતું ઘર તેનું સાચું ઘર નથી પરંતુ પરદેશમાં સ્થિત પ્રવાસીગૃહ માત્ર છે.

જ્યાંથી કદી જવા–આવવાપણું નથી તે ઘર જ અસલી મુકામ છે. માણસ જ્યાં કાયમ રહ્યો છે અને જ્યાં તે સદા રહેવાનો છે, તે શાશ્વત સનાતન લોક માણસનું અસલી ઘર છે.

* * *

માણસ જો ‘સ્વયં’માં નથી હોતો તો પરમ સ્વતંત્રતા લાખો કરોડો યોજન દૂર છે.

'સ્વયં'નું પરમ સ્વામિત્વ માણસને નિજ ઘરે પહોંચાડી દે છે.

પરંતુ માણસ જીવે છે ત્યાં સુધી દુર્ભાગ્યવશાત્ તે અસ્તિત્વને ઓળખી શકતો નથી અને તેના મહોત્સવને માણી શકતો નથી અને દુર્બુદ્ધિથી અસ્તિત્વપ્રવાહ–સૃજનધારાની વિરુદ્ધમાં સામે પૂરે ચાલતો રહે છે. તે વિરોધ કરે છે અને સંઘર્ષ કરતો રહે છે કેમકે સંઘર્ષ અહંમૂલક છે. જ્યાં હાર–જીતની બાજી ખેલાય છે ત્યાં અહંકારને મઝા પડે છે.

અસ્તિત્વલીલાના પ્રવાહમાં સહજ ભાવે જાગરૂકતાથી જીવન વહન કરવું અને આયુષ્યની અંતિમ ક્ષણને પણ–ઉત્સવમાં સામેલ થતા હોઈએ તેમ–આનંદ–ઉલ્લાસપૂર્વક માણી લેવી એ અસ્તિત્વનો મર્મ છે.

* * *

પરમ આકાશને–પરમ સ્વતંત્રતાને પામવી હોય તો માણસે જીવતે જીવત મૃતવત્ બની રહેવું પડે છે.

જીવન એટલે તૃષ્ણા. તૃષ્ણા ભવિષ્ય તરફ દોડાવતી રહે છે. વ્યક્તિને કોઈ તૃષ્ણા ના રહે એટલે તે શૂન્યવત્ બની રહે છે. તૃષ્ણાનું ઉદ્‌ગમસ્થાન મન છે.

સાધના મનનો છેદ ઉડાવી દેવા માટે છે–તૃષ્ણાત્યાગ માટે છે. મન સ્વચ્છ નિર્મળ વાસનામુક્ત બને તે માટે લાંબી યાત્રા કરવી પડે છે.

* * *

પ્રવર્તમાન ક્ષણે જ ચિત્ત શાંત થઈ જાય તો સાધ્યનું પ્રતિબિંબ આંતર્‌આકાશમાં ઝળકી ઊઠે છે.



સાધ્ય ભવિષ્યમાં નથી. સાધ્ય તો વર્તમાનમાં જ છે. મન વિશુદ્ધ થાય તો પ્રત્યેક પ્રવર્તમાન પ્રત્યક્ષ ક્ષણને યથાર્થ રીતે ઓળખી શકાય છે અને માણી પણ શકાય છે.

પરમાત્મતત્ત્વ સાથે મન એકતાર થઈ જાય તો જ અસ્તિત્વનો આનંદ માણી શકાય છે. સાધન અને સાધ્યનું નિત્ય સાહચર્ય સ્થાપિત થઈ જતાં સાધ્યનું પ્રતિબિંબ ચિત્તફલક પર ઝગમગી ઊઠે છે.

ભ્રાન્તિમુક્ત દૃષ્ટિ, તૃષ્ણામુક્ત ચિત્ત, નિરભ્ર શુદ્ધ પવિત્ર મન–એવી અવસ્થા ગંતવ્યસ્થાનની પહોંચ છે. આ અવસ્થામાં પ્રાપ્ત થતી શબ્દશૂન્યતા–મનશૂન્યતા અંતિમ ઉપલબ્ધિ છે.

ચાલતી વખતે ચાલવાની ક્રિયા થાય પણ ચાલનારો ના બચે, બોલતી વખતે શબ્દ બોલાય તે 'ના બોલવા' બરાબર બની જાય, આવશ્યક નૈસર્ગિક ક્રિયાઓ સહજ રીતે થતી રહે પરંતુ ક્રિયાનો કરનારો ના બચે એટલે શૂન્યત્વની પ્રાપ્તિ.

તૃષ્ણાત્યાગી નિર્વેદમય મનશૂન્યતા એ પાંજરામાંથી મુક્તિ છે. પછી માણસ જ્યાં પણ હોય ત્યાં જ તેને માટે અનંત આકાશ છે, પરમ મહાશૂન્ય અવસ્થા છે.

વાસનાવિમુક્ત તૃષ્ણારહિત જીવન પણ એક જીવનશૈલી છે. પરંતુ તે જીવનશૈલીની કળામાં મરવાનું શીખવું પડે છે. તેમાં માણસ દૈહિક રીતે મરીને ખલાસ થઈ જતો નથી. પરંતુ આસક્તિ એકરૂપતા કલ્પના જે બધાં માણસની પાસે વ્યર્થ નકામાં ફોગટ વળગણો હોય છે, તે બધાંનો નાશ થઈ જાય છે.

છતાં ભીતરમાં જે શાશ્વત ચૈતન્યજ્યોત છે, તેને ઊની આંચ

પણ આવતી નથી. ભીતરમાં વહેતી ચૈતન્યધારા ચિરંતન અવિનાશી અનંત અને સનાતન છે.

* * *

એકવાર લોકોની સમજમાં આવી જાય કે માણસ ભીતરમાં મરી ચૂક્યો છે–મૃતવત્ થઇ ગયો છે એટલે તેને પછી લોકો ભૂલી જાય છે. લોકનજરે હસ્તી મટી ગઇ એટલે ભીતરમાં રહેલી 'શૂન્યતા' જ ખુલ્લી બારી–અસ્તિત્વનો ઝરુખો બની રહે છે.

આવી ભીતરી 'શૂન્યતા' સ્વયં પરમ સ્વતંત્રતાનું ખૂલી ગયેલું દ્વાર છે. પછી આવી 'શૂન્યતા'ને ઉપલબ્ધ વ્યક્તિ જ્યાં હોય ત્યાં તેને માટે મુક્ત પંખીની જેમ વિહરવાનું અસીમ આકાશ છે.

અસીમ આકાશ–પરમ સ્વતંત્રતા એટલે આપણી મર્યાદિત હસ્તીની નિઃસીમ 'અનંત' તરફની મહાયાત્રાની પરિસમાપ્તિ.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.



# સંત બાબાશ્રી આર્વીકર

પ્રા. કુ. પ્રજ્ઞા અનંત જાવડેકર

(ગતાંકથી ચાલુ)

શ્રીબાબા સ્પષ્ટ કહે છે કે, ગુરુતત્ત્વ એટલે કોઇ વ્યક્તિ નથી. એ ગુરુતત્ત્વ તો સ્વયમેવ સાધકમાં જ અવતરે છે. કયો સાધક ક્યારે પરમતત્ત્વ પામશે? શ્રીમહારાજ કહે છે કે–જેની જેટલી ગતિ હોય તે પ્રમાણે. એટલે કે જે આત્મતત્ત્વની ગતિમાનતા જેટલી ઝડપથી સ્વીકારતો જાય, તેટલી ઝડપથી એ સાધ્ય સુધી પહોંચી જાય. પછી આ એક ક્ષણમાં પણ થઇ શકે, અથવા કોઇને એ માટે અનેક જન્મોની પણ જરૂર પડે. આપણે જો આત્માવલોકન કરીએ તો ખરેખર આપણને જણાશે કે આપણી અંદર રહેલ આત્મરૂપ ગુરુતત્ત્વ આપણને પ્રગતિશીલ થવાની, ઉન્નત થવાની, સ્ફૂરણા આપતું હોય છે. પણ આપણે એ સમજી લેતા નથી. અથવા આશંકાને કારણે એ સ્વીકારતા નથી. શ્રીતુકારામ મહારાજે પોતાની પ્રાથમિક અવસ્થાનું વર્ણન કરતાં કહ્યું છે કે 'आपुलिया शंके राहिता भी दूरी' 'મારી આશંકાઓને કારણે જ, મારાપર ગુરુકૃપા છે કે નહી? એવા સંશયને કારણે જ હું એનાથી દૂર રહ્યો'–એવું એ કહે છે. "અનુભવ આવશે ત્યારે હું એને માનીશ એવું ન કહેતાં અનુભવનો સ્વીકાર કરતા રહેજો. તો જ અનુભવ આવશે." એમ શ્રીબાબા કહે છે.

શ્રીબાબાએ દૃષ્ટિસૃષ્ટિવાદ પણ ઘણો જ સુંદર સમજાવ્યો છે. જેવી તમારી દૃષ્ટિ (ભાવ) હોય, તેવી જ સૃષ્ટિ તમને દેખાશે. દા. ત. સંત મીરાંબાઇ વિષનો પ્યાલો ભગવાનનો પ્રસાદ છે. એ

ભાવથી પી ગયાં એથી એ વિષનું પણ અમૃત બન્યું. શ્રીમહારાજે શ્રીજ્ઞાનેશ્વરનો જ 'ચિદ્‌વિલાસવાદ' સ્વીકારેલો છે. જગત એ 'ચિદ્'નો—બ્રહ્મનો—વિલાસ છે. એથી જગત એ બ્રહ્મરૂપ જ છે. આપણે આ તત્ત્વજ્ઞાન સ્વીકારીએ તો જીવન પ્રત્યેની આપણી દૃષ્ટિ, આપણો અભિગમ જ બદલાઇ જાય છે.

શ્રીમહારાજે ગુરુકૃપાંકિત ભક્ત અને સ્વબળ પર નિર્ભર રહેનાર યોગમાર્ગી એમ બંનેની તુલના કરી છે. તેઓ કહે છે કે (૧) યોગી આત્મજ્ઞાનનો અનુભવ સમાધિ અવસ્થામાં પ્રાપ્ત કરી શકે છે. પરંતુ એ અનુભવ કાયમ માટે ટકતો નથી અને એ પણ ઘણા જ કઠોર પરિશ્રમ પછી, એને પ્રાપ્ત થાય છે. પણ ભક્ત તો સહજ—સાધનાથી, આ અનુભવ પ્રાપ્ત કરી શકે છે, અને એ અખંડ સમાધિ—રત હોય છે. (૨) યોગીની બાબતમાં તો ખાલી પિંડસ્થ શક્તિચક્રોનો જ કુંડલિની ભેદ કરે છે, પણ ભક્તની બાબતમાં તો પિંડસ્થચક્રોની સાથે સાથે જ બ્રહ્માંડમાં રહેલ ચક્રોનો પણ ભેદ થાય છે. એથી, યોગીને ખાલી 'अहं ब्रह्मास्मि'નો અનુભવ ખાલી સમાધિ અવસ્થામાં જ થાય છે. પણ ભક્તને તો એ સિવાય 'सर्वं खल्विदं ब्रह्म' એવો સર્વત્ર બ્રહ્મનો જ અનુભવ સતત થાય છે. એથી જ (૩) યોગી ખાલી સમાધિસુખ માણવામાં રાચે છે; પણ ભક્ત તો સર્વવ્યાપક ઈશ્વરની સ્વકર્મકુસુમોથી પૂજા કરવા પોતાના જીવનનો ક્ષણ ક્ષણ અને કણ કણ અર્પે છે. ગીતાજીના આદેશપ્રમાણે લોકસંગ્રહ કરે છે. યોગી કદાચ યથા-કથિત લોકસંગ્રહ કરે, તો પણ એ પોતાને પ્રાપ્ત થયેલ અદ્‌ભુત સિદ્ધિઓનું પ્રદર્શન કરવા માટે જ, નહીં કે લોકકલ્યાણાર્થે! આ બધા કારણોસર શ્રીમહારાજ આપણને ગુરુકૃપાંકિતભક્ત થવાની સલાહ આપે છે. યોગમાર્ગ અને ભક્તિમાર્ગ એ બેની આટલી વિસ્તૃત તુલના આપણને ભાગ્યે જ ક્યાંક જોવા મળશે. અહીં તો



એ સંક્ષેપમાં લખી છે. [શ્રીમહારાજનું બીજું એક સ્વાનુભવપર આધારિત સંશોધન એટલે, બ્રહ્માંડસ્થ ચક્રોનાં નામો અને એમનું વિસ્તૃત વર્ણન આપણા શરીરમાં રહેલ (પિંડસ્થ) ચક્રોનું વિવેચન પણ એમણે જેટલું વિસ્તારથી કર્યું છે, એટલું કદાચ કોઇએ કર્યું ન હોય. એ બધુ એમનાં 'દિવ્યામૃતધારા' ગ્રંથમાંથી જ વાંચવું જોઇએ.]

જે ભક્તિને શ્રીમહારાજ યોગ કરતાં શ્રેષ્ઠ બતાવે છે. તે ભક્તિવિષેના એમના વિચારો પણ અભિનવ રીતે એમણે રજૂ કર્યા છે. આપણે સામાન્યતઃ એમ માનીએ છીએ કે જે ભક્તિ કરે છે, એ ભક્ત. જે સાધના કરે છે, એ સાધક. એટલે કે આપણે બાહ્યઉપચારોને જ આંતરિક અવસ્થાનું દ્યોતક માનીએ છીએ. પણ શ્રીમહારાજ આપણને સાવધાન કરતાં કહે છે, "ભક્ત થાઓ, એટલે ભક્તિ સાહજિક જ થશે. પ્રથમ સાધક થાઓ, એટલે સાધના થશે." ભક્ત અથવા સાધક એ એક ચિત્તની અવસ્થા છે. હું ઈશ્વરનો છું, મને એનો સાક્ષાત્કાર થવો જ જોઇએ એવી વ્યાકુળતા, લગન એનામાં હોય છે અને એથી, એ દિશાતરફ એની નૈસર્ગિક જ ગતિ થાય છે. એક વખત ભક્તા-વસ્થા, સાધકાવસ્થા પ્રાપ્ત થાય, એટલે એ ભક્ત, સાધક જે પણ કરે છે એ યોગ્ય જ હોય છે. શ્રીમહારાજ તો એટલે સુધી કહે છે કે એને 'શાસ્ત્રો શું કહે છે? એણે કઇ રીતે વર્તવું જોઇએ? એવો વિચાર કરવાની પણ જરૂર નથી. અથવા તો, એ શાસ્ત્ર સમજવા હોય એ પ્રમાણે આચરતો જાય, તો પણ એને કશો વાંધો રહેતો નથી. ગુરુકૃપાથી એને યોગ્ય માર્ગદર્શન મળતું જાય છે.

આજે જ્યારે આપણે ભક્તિના ક્ષેત્રમાં દંભ જોઇએ છીએ, એનું કારણ 'ભક્ત થવા' કરતાં 'ભક્તિ કરવાનું' જ આપણે

જાણીએ છીએ. ઉપાસના–પદ્ધતિઓને જ (જપ, ભજન, પૂજા, કથા વગેરેનું આપણે એટલા બધા વળગી રહીએ છીએ કે એ એક 'કર્મકાંડ' જ થઇ જાય છે. શ્રીમહારાજ કહે છે કે શરૂઆતમાં કદાચ આ ઉપાસના–પ્રયોગોની જરૂર હોય. પણ ધીરે ધીરે એ ઉપાસના–પ્રયોગો આપણને ઉપાસકની અવસ્થામાં લઇ જાય એ આવશ્યક છે. પ્રયોગોને જ વળગી રહેવાનું નથી. આ બધું ભક્તિવિષયક વિવેચન ખરેખર આજના સમયે આપણા સમાજ માટે ઘણું જ નવું અને આવશ્યક છે.

દાંભિકતા અને કર્મકાંડની જેમ જ ત્રીજું પણ એક દૂષણ આપણા સમાજમાં આપણને દેખાય છે અને તે છે. 'સાંપ્રદાયિકતા'. બધા સંપ્રદાયો એક થાય 'घडो एकता संप्रदायी मतांची' એમ શ્રીમહારાજ ઈશ્વર પાસે પ્રાર્થના કરે છે. એટલે સંપ્રદાયો જ ન હોવા જોઇએ એમ નહીં. ભિન્ન સંપ્રદાયો હોય એમાં વાંધો નથી, પણ એ એકબીજામાં ઝગડાઓ ન કરે, એવી એમની ઇચ્છા હતી. એટલે જ એમણે સામુદાયિક પ્રાર્થના અને સામુદાયિક ધ્યાનની જે પદ્ધતિઓ પોતાના 'પ્રાર્થના–પ્રભાત' અને 'પ્રભાતપાઠ' પુસ્તકોમાં લખી છે. એ વૈશિષ્ટ્પૂર્ણ છે. એ પદ્ધતિથી જ તેઓ પ્રાર્થના અને ધ્યાનના પ્રત્યક્ષ કાર્યક્રમો લેતા અને હજી પણ એમના શિષ્યો, કાર્યકર્તાઓ એ રીતે જ લે છે. બધા સંપ્રદાયોનો સમાવેશ થાય એ માટે તેઓ વ્યાસપીઠ પર ૐકારને વિરાજમાન કરે છે, અને ૐકારના સ્થાને દરેક જણ પોતપોતાના આરાધ્ય દેવતા અથવા ગુરુદેવને જુએ અને પ્રાર્થના, ધ્યાન કરે. બીજું એ કે આ ઉપાસનાના 'પ્રયોગો'ને જ સર્વસ્વ ન માનતાં ઉપાસક પ્રાર્થના, ધ્યાનની 'અવસ્થા' સુધી પહોંચે એ આવશ્યક છે. ઉપાસકનું આખું જીવન જ ધ્યાનમય, પ્રાર્થનામય બને એ



જરૂરી છે. એના પર પણ શ્રીમહારાજે ભાર મૂક્યો છે. પણ સાધકની પ્રથમ અવસ્થામાં તથા સામુદાયિક કાર્યક્રમો વ્યવસ્થિત થાય એ માટે આવા ઉપાસનાકીય પ્રયોગોની અથવા પદ્ધતિઓની આવશ્યકતા પણ તેઓ નકારતા નથી.

ભક્તિ, સાધના, પરમાર્થ એ જીવનથી વિમુખ થવા માટે નથી. એ તો જીવન ઉદાત્તરીતે જીવવાની સુંદર વ્યવસ્થા છે. ભક્તિ એ જ સાધન છે, અને ભક્તિ એ જ સાધ્ય છે. વળી વ્યષ્ટિ અને સમષ્ટિનું વિભાજન થઇ જ ન શકે. જે વ્યક્તિ સમાજથી વિમુખ થાય, એની સાધના સાચી નથી. એવા વિચારો શ્રીમહારાજ રજુ કરે છે. એથી જ હવે એમના સામાજિક વિચારો પણ આપણે ટૂંકાણમાં જાણી લઇએ.

વ્યક્તિજીવન અને સમાજજીવન જો આપણને સુંદર, શુદ્ધ બનાવવું હોય, તો વ્યક્તિ સમાજના જે ચાર ક્ષેત્રોમાં વિહાર કરે છે, એ ક્ષેત્રોની શુદ્ધિ કરવી જોઇએ. એ ક્ષેત્રો છે, કુટુંબ, વિદ્યા-પીઠ, તીર્થક્ષેત્ર અને ગ્રામ. આ ચાર ક્ષેત્રોની શુદ્ધિ થવાથી અનુ-ક્રમે વ્યક્તિનાં ચિત્ત, બુદ્ધિ, મન અને અહંકાર એ અંતઃકરણ–ચતુષ્ટયની શુદ્ધિ થઇ શકશે. આ ચતુર્વિધક્ષેત્રશુદ્ધિ કઇ રીતે કરવી એ વિષે એમણે વિસ્તૃત માર્ગદર્શન આપેલ છે. એ બધાનું વિવેચન એક લેખમાં થઇ ન શકે. પણ એમના વિચારોની સામાન્ય દિશા જો આપણે જોઇએ, તો ભારતીય નિષ્ઠાઓનો, સંસ્કૃતિનો પ્રસાર જ માનવસમાજ માટે હિતકર છે, એવું તેઓ માનતા. 'આજે સત્તા, સંપત્તિ અને સંઘટના એ ભ્રષ્ટ પ્રાશ્ચાત્ય વિચારોની જગ્યાએ આપણે અનુક્રમે જ્ઞાન, દૈવીગુણસંપદા અને સંસ્કૃતિ એ ભારતીય ઉદાત્ત નિષ્ઠાઓને અપનાવવી જોઇએ,'

એવું એમનું માનવું છે. જીવનનું અધિષ્ઠાન અધ્યાત્મ, ભારતીય નીતિમૂલ્યો હોવાં જોઇએ. સર્વત્ર સંતધર્મનો પ્રસાર થવો જોઇએ એ માટે તેઓ હંમેશા પ્રયત્નશીલ રહ્યા. એમણે 'સંતધર્મપ્રસારક-મંડળ'ની સ્થાપના કરી. કુટુંબમાં ધાર્મિક, નૈતિક, સંસ્કારોનું જતન થાય, પરસ્પર પ્રેમ ભાવનાથી કુટુંબના સભ્યો વર્તે, વિદ્યામંદિરોમાં પ્રાશ્ચાત્ય શિક્ષણનું જ જે વર્ચસ્વ છે, એને બદલે ભારતીય વિદ્યાઓનું અધ્યયન થાય. ભારતે જુદા જુદા શાસ્ત્રોમાં કરેલ જે પ્રગતિ છે તે આધુનિક વિજ્ઞાનીઓને સમજાવવામાં આવે એમ તેઓ ઇચ્છતા હતા. તીર્થક્ષેત્રોમાં જે અશુદ્ધિ આવી છે, અવ્યવસ્થા હોય છે, તે દૂર થાય. ગામ કે શહેરના લોકોમાં સત્તા માટે, સંપત્તિ માટે જે સ્પર્ધા ચાલે છે, એને બદલે સંસ્કૃતિ, પ્રેમનું જતન થાય. એની આવશ્યકતા પર તેઓ ભાર મૂકતા.

હવે અંતે આપણે એમણે કરેલ વિવેચનના એક નવા વિચાર વિષે જાણીએ. તેઓ કહે છે, "વિશ્વની શુદ્ધિ કરવી કે અશુદ્ધિ કરવી એ તમારા જ હાથમાં છે, કારણ કે સૃષ્ટિમાં પરા અને અપરા એવી બે શક્તિઓ છે. પરામાં શુદ્ધ સંકલ્પધારી જીવો, સાધુ, સંતો, સજ્જનો હોય છે. અને દુરાત્માઓ અપરામાં હોય છે. જ્યારે આપણે સત્સંકલ્પ કરીએ છીએ ત્યારે એ સંકલ્પ પરા વિભાગમાં જાય છે. અને સંતોનું બળ પ્રામ કરીને અધિક બળવાન થઇને એ પાછો આપણા તરફ આવે છે. વ્યક્તિ અને સૃષ્ટિ વચ્ચે આવું સત્સંકલ્પોનું જ જો આદાન-પ્રદાન થતું રહે તો વ્યક્તિ અને સૃષ્ટિ શુદ્ધ થતાં જાય છે. જો અસત્સંકલ્પ આપણે કરીએ તો એ અપરા સૃષ્ટિમાં જાય છે. અને દુરાત્માઓનું બળ પ્રામ કરીને પાછો આવે છે. અને આપણે અધિક દુરાચારી બનીએ છીએ. એથી જેવો વ્યક્તિનો સંકલ્પ, તેવી સૃષ્ટિ!



(દિવ્યામૃતધારા ખંડ ૧-પૃષ્ઠો ૨૬૬, ૨૬૭). માણસો શુદ્ધ સત્સંકલ્પો ક્યારે કરશે? જો તેઓ દૈવીગુણસંપન્ન (ગીતા-૧૬ મો અધ્યાય) ધરાવતા હોય, તો જ. એથી જ દૈવીસંપત્તિનું ઘણું મહત્ત્વ છે. શ્રીમહારાજ કહે છે કે ભગવદ્ નામસ્મરણ એ સૌથી શુદ્ધસંકલ્પ છે. એથી નામસંકીર્તન વિશ્વને શુદ્ધ બનાવે છે. શ્રીમહારાજની વિશેષતા એ છે કે તેઓ 'નામજપ' કરતા 'નામસ્મરણ' કરવું જોઇએ એમ કહે છે કારણ કે જપ રામનો કરતા હોઇએ અને સ્મરણ રાક્ષસનું હોય (એટલે કે દુર્વિચારો મનમાં આવતા હોય) તો એવા જપથી એ માણસ સુધરવાને બદલે બગડતો જશે. એથી 'સ્મરણ' કોનું છે, એ 'જપ' કરતાં અધિક મહત્ત્વનું છે. આપણે વાલ્મિકીનું ઉદાહરણ જાણીએ છીએ. તેઓ 'રામ'ને બદલે 'મરા' એવો જપ કરતા હતા. પણ સ્મરણ 'રામ'નું હતું. એથી એમનો ઉદ્ધાર થયો. આજે આપણે સમાજમાં એવી કેટલીય વ્યક્તિઓ જોઇએ છીએ કે જેઓ હજારો, લાખોની સંખ્યામાં નામજપ કરે છે. પણ એમના જીવનમાં સુધારો થયેલ આપણને દેખાતો નથી. ઉલટું એમનામાં જ દોષો હોય છે, તે વધતા દેખાય છે. એનું કારણ શું? એનો ખુલાસો ઉપરના શ્રીમહારાજના વિવેચન પરથી થઇ જાય છે.

આપણે વ્યક્તિ અને સમાજનું જીવન ઉદાત્ત, ઉન્નત બને એ માટે સર્વદા સત્સંકલ્પો, સદાચાર, ભગવન્નામસ્મરણ કરવાનો શુભસંકલ્પ કરીએ.

# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સુવર્ણમૃગ રળિયામણા રૂપમાં રહેલા મારીચનો નાશ કરીને રામ પંચવટી તરફ પાછા ફર્યા ત્યારે માર્ગમાં જ લક્ષ્મણને જોઇને એમના આશ્ચર્યનો પાર ના રહ્યો.

માનવભક્ષી રાક્ષસોથી ઘેરાયેલા વિકરાળ વનની વચ્ચે આવેલા એકાંત આશ્રમમાં સીતાને એકલી કોઇ પણ પ્રકારની સુરક્ષા વગરની મૂકીને આવવા બદલ એમણે લક્ષ્મણને ઠપકો આપ્યો અને ભારે ચિંતા તથા વેદના વ્યક્ત કરી. પોતાની સુવર્ણમૃગના સંબંધમાં પેદા થયેલી શંકા સાચી પડવાથી લક્ષ્મણને થોડું દુઃખ થયું. સીતાનો ત્યાગ પોતાની પૂર્ણ અનિચ્છા છતાં પણ કેવા સંજોગોમાં કરવો પડયો તેનું વર્ણન એણે રામની આગળ કરી બતાવ્યું.

રામે ઘેરા સ્વરે કહ્યું, 'લક્ષ્મણ! એ બધી વાત સાચી, પરંતુ મારું અંતર અત્યારે ઊંડા દુઃખનો અનુભવ કરી રહ્યું છે. ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા થઇ તો પણ તારે આશ્રમનો ત્યાગ નહતો કરવો જોઇતો. મને શંકા થાય છે કે સીતાની એકલતા અથવા અસહાયતાનો લાભ લઇને કોઇક રાક્ષસે એનુ હરણ તો નહિ કર્યું હોય! મારું મન કોણ જાણે કેમ પણ, એવા કોઇ ભયંકર અમંગલની આશંકા કરી રહ્યું છે.'

'અમંગલની આશંકા તો મને પણ હતી.' લક્ષ્મણે કહ્યું, 'અને એટલા માટે તો આશ્રમ છોડવાની મને જરા પણ ઇચ્છા ન હતી. પરંતુ હવે શું થાય? સુવર્ણમગ કોઇ મૃગ નહિ પણ રાક્ષસ હોવાની મારી વાત તમે તથા સીતાએ ના માની અને એને પકડવાની ઇચ્છા કરી ત્યારથી જ અમંગલની



આવૃત્તિ શરુ થઇ છે છતાં પણ સીતાની સલામતીને કોઇ જાતની હરકત ના આવી હોય એવી આશા રાખું છું. મારી એ આશા ફળશે તો મારા જેટલો આનંદ બીજા કોઇને નહિ થાય.'

'રામે પંચવટી તરફ ઝડપથી પ્રયાણ કર્યું. લક્ષ્મણ પણ એમની પાછળ વેગથી ચાલવા લાગ્યો. શરીરની ગતિ કરતાં મનની ગતિ વધારે ઝડપી હતી એટલે એમનાં મન તો ક્યારનાય પંચવટીમાં પહોંચી ગયાં. પંચવટીના પ્રશાંત આશ્રમને એમણે સીતાથી રહિત પણ જોયો ને સીતાથી શુશોભિત પણ ભાળ્યો. ભાવના કે કલ્પનાના બદલવા સાથે આશ્રમ પણ જુદી જુદી રીતે દેખાવા લાગ્યો. પરિણામે હર્ષ ને શોકનાં મિશ્રિત ભાવો મનમાં પેદા થયા. એ અવસ્થામાં એ બંનેએ પંચવટીના આશ્રમમાં પ્રવેશ કર્યો. તો એમનાં હૃદય રડી ઊઠયાં.

'સીતા, સીતા!' રામે પોકાર કર્યો પરંતુ એનો કોઇ જ ઉત્તર ના મળ્યો. 'સીતા!' લક્ષ્મણનું સંબોધન પણ એવું જ ઉત્તર વિનાનું રહ્યું. રામની પીડાનો પાર ના રહ્યો. લક્ષ્મણ, સીતા નથી. હોય તો એ તરત ઉત્તર આપે. અરે, બહાર આવીને એનું સુધામય સુખદ સ્મિત કરતી ઉભી રહે. મારી આશંકા સાચી ઠરી છે. જરૂર કંઇક અમંગલ બન્યું છે.'

રામના સંયમના બધા જ બંધ તૂટી ગયા. એમની લાગણીને છૂટો દોર મળી ગયો. એ ઉચ્ચ સ્વરે રડી પડયા અને જોરથી આક્રંદ કરવા લાગ્યા. 'સીતા તું ક્યાં ગઇ? તું દેખાતી કેમ નથી? તને કોઇ લઇ ગયું કે શું? તારા વિના મારાથી કેવી રીતે રહી શકાશે? તારા વિના મારું જીવન અતિશય દુઃખમય, જડ તેમ જ બોજારૂપ બની જશે. વિધાતા, મેં એવો કયો અપરાધ કર્યો હતો કે તમે એને મારી પાસેથી લઇ લીધી?'

'માતા પિતા, સ્વજન સ્નેહી, અયોધ્યાના ઐશ્વર્ય અને રાજ્ય સુખનો ત્યાગ કરતી વખતે મને જરા પણ દુઃખ નથી થયું, પરંતુ આજે આટલી બધી વેદના, ચિંતા અને આટલું બધું દુઃખ કેમ થાય છે? આજે મને આટલું બધું સૂનું કેમ લાગે છે? સીતાનું સ્થાન મારા જીવનમાં કેટલું બધું અગત્યનું,

અમુલખ અને અજોડ હતું એ આજે મને સમજાય છે. પરંતુ એ સીતા ગઇ ક્યાં? એને કોણ અને ક્યાં લઇ ગયું?

રામના પોકાર પ્રલાપ અને અશ્રુપાતને જોઇને લક્ષ્મણનું હૈયું પણ હાથમાં ના રહ્યું. એ પણ વેદનાથી વ્યથિત બની ગયો. એની આંખ લાગણીથી ભરાઇ ગઇ. છતાં પણ પોતાની જાતને જેમ તેમ કરીને સાચવી લઇને એણે કહ્યું, 'સીતા આશ્રમમાં નથી એ સાચું. એ વાતનું આપણને અપાર દુ:ખ છે. પરંતુ એ વનમાં ક્યાંક વિહાર નીકળી હોય એ પણ બનવા જોગ છે. એના વિષે કોઇ ઉતાવળિયો અભિપ્રાય બાંધવાને બદલે બનતી શાંતિ રાખીને તથા સ્વસ્થતા જાળવીને એની પૂરતી તપાસ કરીએ એ બરાબર છે. સીતા વિનાનો આ આખોયે આશ્રમ મને પોતાને પણ ખાવા ધાય છે અથવા અકારો લાગે છે.'

બંને આજુબાજુના અરણ્યમાં સીતાની શોધ કરવા નીકળ્યા. પરંતુ સીતા ના મળી. રસ્તામાં થોડેક દૂર રથની પતાકા દેખાઇ. ઉપરાંત રથનો કેટલોક તૂટેલો ભાગ પણ દેખાયો. એ જોઇ રામે કહ્યું, 'આ ચિહ્નો રથનાં છે. આ સ્થળે રથ ઉતર્યાનાં નિશાન પડેલાં છે. એ રથ જરૂર કોઇક રાક્ષસનો હશે. એણે સીતાનું હરણ કરીને એ રથમાં પ્રયાણ કર્યું હોય એવું અનુમાન સહેજે થઇ શકે છે. જો એવું જ થયું હશે તો તો સીતાની અવસ્થા અત્યારે એકદમ કફોડી હશે. મારું જીવન પણ તદ્દન નીરસ બની જશે. મારાથી સીતા વિના શ્વાસ લેવાનું પણ કઠિન બનશે.' લક્ષ્મણે એમને આશ્વાસન આપ્યું, પરંતુ એ આશ્વાસન વ્યર્થ ગયું. આગળ જતાં જટાયુનો મેળાપ થયો.

( ક્રમશ: )

# એક કર્મ કરતાં અનેક કર્મબંધનો

માનવીનું શરીર એકલું જ નહિ, પણ મન બુદ્ધિ, પ્રાણ, ચિત્ત, અહમ્ બધું જ કાદવમાં રગદોળાયેલું છે. પ્રાણી શરીરને બંધન નથી, કેમકે એ તો ભોગયોનિ કહેવાય છે. માટે એ તો ભોગવ્યા કરે. એને તો ચાર વૃત્તિ છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન. આપણને પણ આ ચાર પ્રકારની વૃત્તિઓ છે. એ દ્વારા આપણે અનેક પ્રકારનાં પાપ કરીએ છીએ. પણ પ્રાણીઓ એ વૃત્તિઓ દ્વારા પાપ કરતાં નથી, કેમકે તેઓ કુદરતના નિયમો પાળે છે. કુદરતના કાયદા પ્રમાણે મૈથુન ભોગવે છે. ત્યારપછી તેની વિસ્મૃતિ થઇ જાય છે. સ્વાદ લાગ્યો માટે આહાર કરતાં ઝાપટવું એવું પ્રાણીઓમાં નથી. એમને તૃષ્ણા અને લોલુપતા નથી. વૃત્તિઓનો ઉપભોગ સ્વાભાવિક થાય એમાં પાપ નથી, પણ એને માટે લોલુપતા, ઝંખના થાય તો એ પાપ છે. મનુષ્ય આ વૃત્તિઓમાં એટલો બધો અટવાયેલો છે કે તેને બીજું ભાન જાગી શકતું નથી. જીવનમાં સદ્ભાવ અને સદ્ગુણ પ્રગટાવવા જોઇએ. જેનાથી જીવન દીપે–શોભે. એવું આચરવાનું એને ગમતું નથી. અનુભવીઓએ તો જોયું કે મનુષ્ય પશુ કરતાં પણ ખરાબ થાય છે. એક કર્મ કરતાં અનેક કર્મો ઊભાં કરે છે. એક જન્મ લઇ અનેક જન્મોનું ભાથું ઊભું કરે છે.

પૂ. શ્રી મોટા

ADHYATMA Regd. No. GBV 113

# મને ભજ भजस्व माम् ।

ભગવાન શ્રીકૃષ્ણચંદ્રએ ગીતામાં કહ્યું છે કે अनित्यं असुखं लोकम् इमम् प्राप्य भजस्व माम् । આ ક્ષણભંગુર અને દુઃખકર સંસારને પ્રાપ્ત કરીને હે અર્જુન! મને જ ભજ, મને જ ભજ. બીજાને ભજતો નહિ, બીજામાં આસક્તિ કરતો નહિ, મમત્વ કરતો નહિ, વિષયોને ભજતો નહિ, મનમાં રાખતો નહિ. મને એકને જ ભજજે. મારું જ સ્મરણ કરજે. મારામાં જ મન રાખજે. ભૂલેચૂકે પણ આ અનિત્ય અને દુઃખરૂપ સંસારના લોકોમાં પ્રીતિ કરીશ નહિ. જો પ્રીતિ કરવી હોય તો મારામાં જ કરજે. माम् એટલે મને જ. भजस्व એટલે ભજજે.

એ વિચારજો કે તમે ક્યાં બેઠા છો? ધર્મક્ષેત્રમાં. આ શરીર ધર્મ કરવાનું ક્ષેત્ર છે, પાપ કરવાનું નથી. એમાં ધર્માચરણ જ થાય. ભૂલેચૂકે પણ પાપ થાય નહિ, બીજાનું અહિત થાય નહિ; એ હંમેશાં યાદ રાખજો. એ ક્ષેત્રમાં કોણ બેઠો છે? પરમાત્મા બેઠો છે. એને જ પ્રાપ્ત કરવાનો છે. તમે જ્યાં પણ હો ત્યાં તમારું કર્તવ્ય કર્મ કરતા રહો. તમારા ભાગે ભાગ્યવશાત્ જે કાંઇ કર્મ કરવાનું આવ્યું હોય તે પ્રામાણિકતાથી નિષ્ઠાપૂર્વક કરતા રહો. એમાં પ્રમાદ ના કરતા. અનીતિ ના કરતા. અને વફાદારીપૂર્વક કરતા રહેજો, ફરજ બરાબર બજાવતા રહેજો અને भजस्व माम् । મને જ (ભગવાનને જ) ભજતા રહો. મારું સ્મરણ કરતા રહો. આ જ ગીતાજીનો સાર છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.